Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-

Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)

Web: www.saurashtrakranti.com

Email ; saurashtrakranti@gmail.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

Year: 7, Issue: 161 Dt.18-04-2022 (Monday)

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાન: 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–360001

જામનગરમાં WHO નિર્મિત અતિઆધુનિક પારંપરિક દવાઓનાં રીસર્ચ સેન્ટરનું ભૂમિપૂજન કરશે વડાપ્રધાન મોદી

વડાપ્રધાન આજથી ત્રણ દિવસ વતનની યાત્રાએ

બનાસ ડેરીનાં ૬૦૦ કરોડનાં ખર્ચે નિર્મિત નવા દૂધ પ્લાન્ટ અને પોટેટો પ્લાન્ટનું વડાપ્રધાનનાં હસ્તે લોકાર્પણ

આજે સાંજે ગાંધીનગરમાં કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરની મુલાકાત લેશે, રાત્રી રોકાણ રાજભવનમાં, આવતીકાલે જામનગરમાં અને તા.૨૦નાં રોજ બનાસકાંઠા તથા દાહોદનાં કાર્યક્રમોમાં ખાસ હાજરી: અનેક મહત્વપૂર્ણ યોજનાઓનું લોકાર્પણ

(એજન્સી સમાચાર)

ગાંધીનગર, તા.૧૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે તા.૧૮ થી ત્રણ દિવસની ગુજરાતની યાત્રાએ પધારી રહ્યા છે. એમની ત્રણ દિવસની વતન યાત્રા દરમ્યાન વડાપ્રધાન અનેક કાર્યક્રમોમાં હાજરી આપનાર છે અને મહત્વપૂર્ણ યોજનાઓનું ભૂમિપૂજન તથા લોકાર્પણ કરશે એવું સતાવાર રીતે જાહેર કરવામાં આવ્યું છે. આજનાં સૌથી મહત્વનાં કાર્યક્રમમાં વડાપ્રધાન ગુજરાત આવી પહોંચ્યા બાદ સાંજે ૬ કલાકે ગાંધીનગર સ્થિત કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરની ખાસ મુલાકાત લેનાર છે. એમણે આજે ખાસ ટ્વીટ કરીને આ સેન્ટરને વિદ્યા સમીક્ષા કેન્દ્ર એવું નામ આપ્યું છે. વડાપ્રધાન મોનીટરીંગ રૂમમાંથી રાજ્યભરનાં શિક્ષકો, વાલીઓ, વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરીને જરૂરી માર્ગદર્શન આપશે. ગુજરાતનાં પનોતાપુત્ર વડાપ્રધાન મોદીને આવકારવા માટે રાજ્ય સરકાર દ્વારા જોરદાર અને ભવ્ય તૈયારીઓ કરી લેવામાં આવી છે. ગાંધીનગર ખાતેનાં કાર્યક્રમમાં ગવર્નર આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ પણ ખાસ ઉપસ્થિત રહેશે.

વડાપ્રધાન વિદ્યા સમીક્ષા કેન્દ્રની મુલાકાત લીધા બાદ રાત્રી રોકાણ ગાંધીનગર રાજભવન ખાતે કરશે. તા.૧૯મીએ એટલે કે આવતીકાલે તેઓ જામનગરની મુલાકાત લેશે. બનાસકાંઠા અને દાહોદમાં પણ વડાપ્રધાનનાં અનેક કાર્યક્રમો યોજાયા છે. જામનગરમાં વડાપ્રધાનનાં કાર્યક્રમ માટે જોરદાર

(અનુ.પાના નં.૪ ઉપર)

વડાપ્રધાને ગાંધીનગરનાં કમાન્ડ સેન્ટરને વિદ્યા સમીક્ષા કેન્દ્ર નામ આપ્યું

રાજકોટમાં મોરેશિયસના વડાપ્રધાનનો ભવ્ય રોડ-શો

એરપોર્ટથી રાજીવ ગાંધી સર્કલ સુધી ૨ કિમીમાં આયોજન: કુલ ૨૫ સ્ટેજ ઉપર રંગારંગ કાર્યક્રમો યોજાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ તા. ૧૮

રાજકોટના આંગણે પધારી રહેલા મોરેશિયસના વડાપ્રધાન પ્રવિન્દ જુગનાથ આગમનને વધાવવા રાજકોટવાસીઓ થનગની રહ્યા છે.

આ પ્રસંગે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આયોજિત રોડ-શોમાં સ્ટેજ કાર્યક્રમ, સાંસ્કૃતિક કાર્યક્રમો તથા વિવિધ સંસ્થાઓ દ્વારા મોરેશિયસના વડાપ્રધાનનું અભિવાદન કરાશે.

આ અંગેની વિગતો આપતા જિલ્લા કલેકટર અરૂણ મહેશ બાબુએ પત્રકાર પરીષદમાં જણાવ્યું હતું કે એરપોર્ટથી રાજીવ ગાંધી સર્કલ સુધી અંદાજિત બે કિલોમીટરના રોડ શોનું આયોજન જિલ્લા વહીવટીતંત્ર તથા અન્ય સંસ્થાઓના સહયોગથી કરવામાં આવ્યું છે, જે દરમિયાન કુલ ૨૫ સ્ટેજ ઉપરથી વિવિધ રંગારંગ કાર્યક્રમો રજુ કરવામાં આવશે, જે પૈકી ૧૦ સ્ટેજ પરથી સાંસ્કૃતિક કાર્યક્રમો તેમજ ૧૫ સ્ટેજ પરથી વિવિધ સંસ્થાઓ દ્વારા લોક સંસ્કૃતિ તથા નૃત્યના કાર્યક્રમો રજૂ કરવામાં આવશે.

સમગ્ર રોડ-શો દરમ્યાન પ્રાચીન ગરબા, તલવાર રાસ, નાસીક ઢોલ, કથ્થક નૃત્ય, ગણેશ વંદના, સીદ્દી નૃત્ય, વંદે માતરમ, લોકનૃત્ય વગેરેની રજૂઆત વિવિધ સંસ્થાઓ તથા શાળા કોલેજના છાત્રો દ્વારા કરવામાં આવશે. રોડ-શો ના વિવિધ સ્પોટ પર આત્મીય કોલેજ, મારવાડી કોલેજ,

(અનુ.પાના નં.૪ ઉપર)

સેન્સેક્સમાં ૧૪૦૦ પોઈન્ટનો કડાકો

નિફ્ટીમાં ૨૬૬ પોઈન્ટનો કડાકો બોલતા રોકાણકારોનાં ચાર લાખ કરોડનું ધોવાણ

(એજન્સી સમાચાર)

મુંબઈ, તા.૧૮

લાંબી રજાઓ બાદ આજે સવારે શરૂ થતા વેત જ શેરબજાર ધરાશાયી થઈ ગયું હતું. સેન્સેક્સમાં એક હજારથી વધુ પોઈન્ટનો જબરો કડાકો બોલી ગયો હતો અને નિફ્ટીમાં ૨૬૬ પોઈન્ટનું ગાબડું પડતા રોકાણકારોનાં લગભગ રૂ.૪ લાખ કરોડનું આજે એક દિવસમાં ધોવાણ થઈ ગયું હતું. તેમ મુંબઈ શેરબજારનાં સુત્રોએ જણાવ્યું હતું. વિશ્વ બજારોમાંથી મળતા નબળા સંકેતો અને કંપનીઓનાં ત્રિમાસિક આવકમાં ઘટનાં પરિણામોને કારણે આજે શેરબજારમાં રક્તપાત સર્જાયો હતો.

સવારે બજાર ખુલતા વેત ૬૦ મિનિટનાં કારોબારમાં જ બજાર ભાંગીને ભુક્કો થઈ ગયું હતું. સેન્સેક્સ ૧૪૦૦ પોઈન્ટ ઘટીને ૫૭૩૦૫ નાં આંક પર આવી ગયો હતો. જયારે નિફ્ટીમાં ૨૬૬ પોઈન્ટનો કડાકો બોલી ગયો હતો અને ૧૭૨૦૯ પર કારોબાર કરી રહ્યો હતો. કુલ ૩.૮૩ લાખ કરોડની મૂડીનું ધોવાણ થયાનો અંદાજ બંધાયો છે. આ લખાય છે ત્યારે હજુ તમામ સેક્ટરનાં શેર રેડઝોનમાં કામકાજ કરી રહ્યા છે. તમામ હેવીવેટ શેર પટકાઈ પડ્યા છે. ખાસ કરીને ઈન્ફોસીસ અને એચડીએફસી બેંકનાં ત્રિમાસિક પરિણામોએ બજારમાં ઘેરી નિરાશા સર્જી હતી. એનટીપીસી, ટાટા સ્ટીલ, મહિન્દ્રા, પાવરગ્રેડ, સનફ્લેગ, એચડીએફસી, ટેક મહિન્દ્રા, ઈન્ફોસીસ વેગેરેનાં શેરોમાં ઘટાડો જોવા મળ્યો હતો. વિપ્રો પણ ૨.૨ ટકા ડાઉન થયો હતો. સૌથી વધુ ઈન્ફોસીસ ૫.૭ ટકા, ટેક મહિન્દ્રા ૪ ટકા અને એચસીએલ ટેક ૨.૩ ટકા ડાઉન થયો હતો.

શેરબજારમાં આજના ગાબડા પાછળ આંતરરાષ્ટ્રીય બજારનું વિપરીત વલણ અને વૈશ્વિક બજારોમાં કડાકાને

આભારી છે. શેરબજારની સાથે-સાથે માર્કેટનાં મિડકેપ અને લાર્જકેપ ઈન્ડેક્ષમાં પણ મોટો ઘટાડો જોવા મળ્યો હતો. અમેરિકાની વોલસ્ટ્રીટ બજારમાં પણ કડાકો બોલ્યો હતો. અમેરિકાની કડક નાણાંનીતિની સંભાવનાથી અમેરિકી બજારમાં કડાકો બોલ્યો હતો.(૨.૧૨)

જસદણની સ્કૂલવાનને આટકોટ પાસે ગમખ્વાર અકસ્માત, એક માસુમ વિદ્યાર્થીનીનું કરૂણ મોત

૯ ને ઈજા, સ્કૂલવાન સાથે હાઈ–વે પર સામેથી આવતી એસેન્ટ કાર ધડાકા સાથે અથડાતા કરૂણાંતિકા સર્જાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

જસદણ, તા.૧૮

જસદણનાં આટકોટ- ગોંડલ હાઈ-વે પર ખારચિયાની ગોળાઈ પાસે આજે સોમવારે સવારે એક સ્કૂલવાન અને સામેથી આવતી બીજી કાર પ્રચંડ ધડાકા સાથે અથડાઈ પડતા વાનમાં બેઠેલી ધો.૫ ની એક વિદ્યાર્થીની બાળાનું સ્થળ પર કરૂણ મૃત્યુ થયું હતું. જયારે અન્ય ૯ લોકોને ઈજા થયાનું જાહેર થયું હતું. જસદણની એકલવ્ય સ્કૂલની માન્ય વેન સાથે એસેન્ટ કાર અથડાતા વેનનો ભુક્કો બોલી ગયો હતો. એક બાળાનું મોત થતા સમગ્ર પંથકમાં શોક અને અરેરાટીની લાગણી પ્રસરી હતી. ઘટનાની જાણ થતા જ પોલીસ અને તબીબી ટુકડીનો કાફલો સ્થળ પર ધસી ગયા હતા અને ઈજાગ્રસ્તોને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

અમારા પ્રતિનિધિ પાસેથી જાણવા મળતી વિગત મુજબ સવારે આટકોટ નજીક ખારચિયાની ગોળાઈ પાસે એકલવ્ય સ્કૂલની માન્ય વાન અને એસેન્ટ કાર પ્રચંડ ઝડપથી સામસામા અથડાઈ પડ્યા હતા. ખારચીયાથી આવતી સ્કૂલવાન વીરનગર જઈ રહી હતી. પ્રચંડ અથડામણથી સર્જાયેલા અકસ્માતમાં ગૌરીસિંઘ અજયસિંઘ નામની ધો.૫ ની વિદ્યાર્થીનીનું સારવાર દરમ્યાન મૃત્યુ થયું હતું. જયારે વાનનાં ડ્રાઈવર સંજય બાવળીયા અને અન્ય બે વિદ્યાર્થીઓ સોમી રાણા ભરતસિંહ અને હેમાની રાણાને ઈજા થઈ હતી. એસેન્ટ કારમાં બેઠેલા પાંચને પણ ઈજા થઈ હતી. એસેન્ટ કારમાં આવી રહેલા ભોળાભાઈ રામાણી, ચંદ્રિકાબેન રામાણી, દયાબેન રામાણી, શિલ્પાબેન રામાણી અને યુગ રામાણીને ઈજા થઈ હતી.

સ્થળ પર ધસી ગયેલી બે ૧૦૮ ની ટીમ અને પોલીસે ઈજાગ્રસ્તોને તાકીદે દવાખાને ખસેડ્યા હતા. અકસ્માત એટલો ભયંકર હતો કે સ્કૂલવેનનો આખો મોરો છુંદાઈ ગયો હતો આસપાસથી લોકો મદદ માટે ધસી ગયા હતા. વાનનાં ડ્રાઈવરને જેકથી પતરા કાપીને એક કલાકની મહેનત બાદ બહાર કાઢી શકાયો હતો. ઈજાગ્રસ્ત બધાને જસદણ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. સરધારની ૧૦૮ નાં પાયલોટ પુનિતભાઈ

(અનુ.પાના નં.૪ ઉપર)

ગુજરાત સેપ્ટ યુનિવર્સિટીની વિદ્યાર્થીનીને આલિયાબેટ પ્રોજેક્ટ માટે આંતરરાષ્ટ્રીય એવોર્ડ

પ્રાકૃતિક વાસ્તુકલામાં સ્નાતકે શ્રીની બેન્જામીનની ગૌરવપૂર્ણ સિધ્ધી



(એજન્સી સમાચાર)

અમદાવાદ, તા.૧૮

ગુજરાતની જાણીતી સેપ્ટ યુનિવર્સિટીમાંથી પ્રાકૃતિક વાસ્તુકલામાં સ્નાતક થયેલી અને અમદાવાદમાં આર્કિટેક્ટ તરીકે વ્યવસાય કરતી એક વિદ્યાર્થીનીને કુદરતી વસ્તુકલાનાં ચિત્રાંકન બદલ યુવા પ્રતિભા વાસ્તુકલા એવોર્ડ-૨૦૨૦ એનાયત કરવામાં આવ્યો છે. શ્રીની બેન્જામીન નામની આ વિદ્યાર્થીનીને આલિયાબેટ (જામનગર પાસે) નાં સંવર્ધન અને વિકાસ અંગેનો

(અનુ.પાના નં.૪ ઉપર)

હવે દિલ્હીમાં આજથી ઓટો અને ટેક્સી ડ્રાઈવરોની હડતાલ

સીએનજીનાં સતત વધતા ભાવો સામે વિરોધરૂપે આંદોલન, બે દિવસ હડતાલ ચાલશે

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૧૮

સીએનજી સહિતનાં ઈંધણનાં સતત વધતા જતા ભાવ સામે વિરોધ વ્યક્ત કરવા અમદાવાદની જેમ હવે દિલ્હીમાં ઓટો રીક્ષા અને ટેક્સી ડ્રાઈવરો આજથી બે દિવસની હડતાલ પર ઉતરી ગયા છે. પરિણામે હજારો દિલ્હીવાસીઓ સવારે ઓફિસે કે કામે જતી વખતે રઝળી પડ્યા હતા. દિલ્હીમાં બે દિવસની હડતાલનું એલાન આપાયું છે.

રીક્ષા અને ટેક્સી ચાલકોનાં યુનિયને ઈંધણનાં ભાવ ઘટાડવા અને ઉતારું દરમાં વધારો કરવાની સરકાર સમક્ષ માંગણી કરી છે. દિલ્હી સરકારે ભાવ બાંધણું કરવા માટે સમિતિની રચના પણ કરી છે અને ઉકેલ માટે ખાતરી આપી છે. છતાં ઓટો અને ટેક્સી એસોસિએશન દિલ્હીએ તા.૧૮ અને ૧૯ બે દિવસ હડતાલનું એલાન આપી દીધું છે.

દિલ્હી ઓટો રીક્ષા સંઘનાં મહામંત્રી રાજેન્દ્ર સોનીએ એવો આક્ષેપ કર્યો હતો કે, કેન્દ્ર અને દિલ્હી સરકાર અમારી માંગણી પ્રતિ કોઈ ધ્યાન આપતા નથી. અમે ભાડા વધારવા માંગતા નથી પરંતુ અમારી એક જ માંગણી છે કે, સીએનજીનાં ભાવ ઘટાડવામાં આવે અને સીએનજીનાં ભાવ પર પ્રતિકિલો ગ્રામ રૂ.૩૫ સબસીડી આપવામાં આવે.

કેટલાક યુનિયનો

(અનુ.પાના નં.૪ ઉપર)

માલધારી સમાજની નવી માંગણીઓ અંગે વિચારણા કરશે સરકાર: ૧૫ દિવસ પછી ફરી મુખ્યમંત્રી સાથે બેઠક

(એજન્સી સમાચાર)

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરમાં આજે ફરીવાર માલધારી મહાપંચાયતનાં આગેવાનોએ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સાથે બેઠક કરી હતી અને ઠોર નિયંત્રણ કાયદો રદ કરવા સહિતની કેટલીક માંગણીઓ મુકી હતી. માલધારી આગેવાનો પાસેથી સરકારે સુચનો મેળવ્યા છે. આગામી ૧૫ દિવસ બાદ ફરીવાર માલધારી સમાજના નેતાઓને ચર્ચા માટે બોલાવવામાં આવ્યા છે. કોંગ્રેસના ધારાસભ્ય અને માલધારી નેતા રઘુ દેસાઈએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી સાથેની બેઠક સકારાત્મક રહી છે. અમારા સુચનો અને માંગણી સાંભળ્યા છે. અમને ૧૫ દિવસ પછી ફરી બોલાવ્યા છે. દેસાઈએ જણાવ્યું હતું કે, કાયદો રદ કરવા, ચરયાણ માટે જમીન આપવા, માલધારીઓને દુધ પર લીટરે રૂ.૫ સબસીડી આપવા માંગણીઓ કરાઇ છે.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

સૌરાષ્ટ્ર ક્રાંતી છેલ્લા છ વર્ષથી આપને અવનવા સમાચારોથી અપડેટ રાખે છે. નિષ્પક્ષ પત્રકારત્વની અલગ ઓળખ ઉભી કરવા કાયમ પ્રયત્નશીલ છે અમારા દ્વારા ડિજીટલ માધ્યમથી આપને સમાચારપત્ર પહોંચાડવામાં આવે છે. એક દિવસના એક રૂપિયાના અનુદાન દ્વારા આપ નિષ્પક્ષ પત્રકારત્વને જીવંત રાખી દેશની ચોથી જાગીર ને મજબુત બનાવવા નિમીત બનશો નીચે આપેલ લીંક પર ક્લીક કરીને સબસ્ક્રાઈબ કરો

http://www.saurashtrakranti.com/subscribe/

ઈજનેરી-ફાર્મસીમાં પ્રવેશ માટે ગુજકેટની પરીક્ષાનો શાંતિપૂર્ણ પ્રારંભ

મોકાની ઓફીસ વેચવાની છે

રાજકોટના પોશ વિસ્તારમાં ચાલુ ભાડા તેમજ ફર્નીચર સાથે ૧૦૫, રામ ચેમ્બર, ઢેબર રોડ રાજકોટ પહેલા માળે ૧૭૦ સ્કેવર ફુટની ઓફીસ વેચવાની છે.

સંપર્ક: ૯૫૧૨૮ ૯૫૧૨૫

સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી **Sk News** એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play | SK NEWS | અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી સૌરાષ્ટ્ર ક્રાંતી NEWS

www.saurashtrakranti.com

મોભો એ જ, માધ્યમ નવું

યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા

આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્કાઈબ કરો અને સમાચાર મેળવો

SUBSCRIBE
TO OUR CHANNEL
SAURASHTRA KRANTI

@saurashtrakranti/ | saurashtrakrant
SAURASHTRAKRANTI | SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

WhatsApp કરો

તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નાલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો

તમારી આસપાસ બનતી કોઇ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.

કોઇપણ ઘટના કે સમાચારની વિગત

93276 28571 ઉપર Whats App કરો

email: saurashtrakranti@gmail.com

web: www.saurashtrakranti.com

ક્લાસિફાઇડ

પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૌક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

જાહેરાત માટે સંપર્ક કરોઃ

90333 44426

આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે 94097 57062 પર ફોન કરો અથવા મેસેજ કરો.



ખાસ બ્રાન્ચમાં પાંચ કર્મીઓને બેસી રહેવાની સજા?

બત્રીસ જાતના ભાવતા ભોજનીયા કોણ પીરસી શકે, ટકોરા બંધ પાંચ કર્મીઓની નવનિયુકત સાહેબ પરીક્ષા લઇ રહ્યા છે?

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૮

'ખાસ બ્રાન્ચ'માં જડમૂળમાંથી થયેલા ફેરફારો બાદ નવનિયુકત સાહેબને ભાવતા બત્રીસ જાતના ભોજનીયા પીરસવા માટે ટકોરાબંધ પાંચ લોકોની પસંદગી કરાતા પાંચેય કર્મીઓ રાજીના રેડ થઇ ગયા હતા!

તાજેતરમાં મહત્વની ખાસ બ્રાંચમાં નવનિયકત સાહેબએ જવાબદારી સંભાળી લીધાના થોડાક દિવસોમાં ચારણીમાંથી ઘઉં અને કાંકરા જૂદા પાડે તકોરા બંધ પાંચ કર્મીઓની પસંદગી કરાતા પાંચેય કર્મીઓ એ.સી. ચેમ્બર્સમાં સાહેબની ખુરશીની સામે અડબવાળીને સાહેબ ઓફિસમાં આવે ત્યારે ઉભા થઇને 'નમસ્કાર સર' કરી સલામ કરી જયાં સુધી સાહેબ ઓફિસમાં બેસી રહે ત્યાં સુધી બેસી રહેવું પડે! એટલું જ નહીં સાહેબ ફરજના ભાગ રૂપે બહાર જાય તો ટકોરા બંધ પાંચેય કર્મીઓને ઓફિસમાં બેસી રહેવું પડતું! કર્મીઓને એવું મનમાં રટણ થયા કરતું હોય તેમ સાહેબ એ ચાર્જ સંભાળ્યાના થોડા દિવસો થયા છે એટલે થોડા દિવસોમાં પસંદગીની કામગીરી સોપશે. સમય ધીમે-ધીમે પસાર થતો જાય છે. પણ સાહેબ કોઇ કામગીરી નહીં સોપતા પાંચેય કર્મીઓના મનમાં એવો વિચાર શરૂ થઇ ગયો હોય કે ફરજ ના સમય સુધી ઓફિસમાં બેસી રહેવાનો મતલબ શું? લાંબો વિચાર કર્યા પછી પણ નવનિયુકત સાહેબના મનને જાણવા પાંચેય કર્મીઓએ પોતાના મોટા મગજને ખૂબ ઠંઠોચ્યા છતાં કોઇ રસ્તો ન નિકળતા ઢીલઢફ થઇને ઓફિસમાં સાહેબ આવે ત્યારે ઉભા થઇને સલામ મારી આખો, દિવસ ઓફિસમાં બેસી રહેવાનો મતલબ શું? પાંચેય કર્મીઓના મોટુ મગજ ધીમે-ધીમે સક્રીય થતા વિચાર આવ્યો હોય તેમ અનુમાન લગાડતા સાહેબ એ ઓફિસમાં બેસી રહેવાની સજા તો નથી આપીને? વિચાર શરૂ થતા ઉનાળામાં ધગધગતા તાપમાં બહાર નિકળતા પરસેવાથી રેબઝેબ થઇ જવાય તેમ પાંચેય કર્મીઓને એ.સી. ચેમ્બરમાં પરસેવો છૂટી ગયો છે!

પાંચે કર્મીઓના પરીક્ષા લેવાઇ રહી હોય તેમ સાહેબ પણ વિચારી રહયા હોય કે ભાવતા બત્રીસ જાતના ભોજનીયા કોણ પીરસી શકશે? ચર્ચાએ જોર પકડયું છે.

મોટા સાહેબની જોવાતી રાહ?

ખાસ બ્રાન્ચના સાહેબ એ ટૂંકા દિવસોમાં તમામ વિભાગોમાંથી નજર ફેરવી બત્રીસ જાતના ભાવતા ભોજન પિરસી શકે તેવા ટકોરા બંધ પાંચ કર્મીઓની પસંદગી કરી લેવાઇ છે. પણ હજુ સુધી 'ખાસ' કામગીરી સોપવામાં આવી નથી!

'ખાસ બ્રાન્ચ'માં સાહેબએ જવાબદારી સંભાળી લીધાને આંગળીના વેઢે ગણી શકાય એટલા જ દિવસોમાં ભુતકાળમાં ચર્ચાનાં ચકડોળે ચડેલા કર્મીઓને 'ખાસ ટીમ'માં સામેલ કરાતા ચર્ચાનો વિષય બની ગયો છે.

મોટા સાહેબની કાયમી નિમણૂંકની રાહ જોવાઇ રહી છે. મોટા સાહેબ 'ખાસ બ્રાન્ચ'ની ટીમમાં સામેલ કર્મીઓની 'કુંડળી' તપાસ કરશે તો અવાચક થઇ જાય 'ખાસ બ્રાન્ચ'ના સાહેબની સાથોસાથ ટીમમાં સામેલ કર્મીઓને રેલો આવી જાય!

કર્મીઓએ ભુતકાળમાં કરેલી કામગીરીનો 'ખાસ બ્રાન્ચ'ના અધિકારીને ખબર હોવા છતાં શા માટે ટીમમાં સામેલ કરવામાં આવ્યા તેને લઇને ચર્ચાનો વિષય બની ગયો છે.

'ખાસ બ્રાન્ચ'ના સાહેબને કર્મીઓ ઉપર અપાય પ્રેમ કેમ ઉભરી આવ્યો? શું સમક્ષ કર્મીઓની કમી છે સહિતની બાબતોની ચર્ચાએ જોર પકડયું છે. એવી પણ ચર્ચાઓ થઇ રહી છે કે, મોટા સાહેબની કાયમી નિમણૂંક થયા બાદ મોટા સાહેબ 'ખાસ બ્રાન્ચ' તરફ નજર કરશે તો ટીમમાં સામેલ કર્મીઓએ ભૂતકાળમાં કરેલી કામગીરી રિપોર્ટ જોયા પછી ચોક્કસ જગ્યાએ લગાડી દેવામાં આવે તદ્ઉપરાંત 'ખાસ બ્રાન્ચ'ના સાહેબ પાસેથી મહત્વની જવાબદારી પરત લઇ 'સ્ટેશન'ની જવાબદારી સોપવામાં આવે તો નવાઇ નહીં.

મોરેશિયસના વડાપ્રધાનનું ભવ્ય સ્વાગત કરાશે

પૂર્વ તૈયારીના ભાગરૂપે મેયર બંગલા ખાતે બેઠક યોજાઇ, માર્ગદર્શન આપતા મિરાણી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૮

મોરેશિયસના વડાપ્રધાન પ્રવિંદ જુગનાથ કે જે મૂળ ભારતીય વંશના છે તે આજે બપોરે ૩:૩૦ કલાકે રાજકોટ ખાતે પધારી રહેલ હોય એરપોર્ટ ખાતે શહેર ભાજપ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવશે ત્યારબાદ એરપોર્ટથી રીંગરોડ, એરપોર્ટના ગેઇટ સુધી ભવ્યાતિભવ્ય રોડ-શો યોજાશે. ત્યારે આ કાર્યક્રમને સફળ બનાવવા પૂર્વતૈયારીના ભાગરૂપે શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીની અધ્યક્ષતામાં અને સાંસદ મોહનભાઇ કુંડારીયા, રાજયના મંત્રી અરવીંદ રૈયાણી,મેયર ડો. પ્રદિપ ડવ, શહેર ભાજપ મહામંત્રી જીતુ કોઠારી, કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુર, કશ્યપ શુકલ, રક્ષાબેન બોળીયા, ભાનુબેન બાબરીયાની ઉપસ્થિતિમાં બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં શહેર ભાજપના હોદ્દેદારો, વોર્ડ પ્રભારી,પ્રમુખ, મહામંત્રીઓ, મોરચાના પ્રમુખ-મહામંત્રીઓ, કોર્પોરેટરો, શિક્ષણ સમિતિના સદસ્યો સહિતના બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકનું સંચાલન શહેર ભાજપ મહામંત્રી કિશોર રાઠોડ તેમજ અંતમાં આભાર વિધિ નરેન્દ્રસિંહ ઠાકુરએ કરી હતી. આ બેઠકને સફળ બનાવવા શહેર ભાજપ કોષાધ્યક્ષ અનિલભાઇ પારેખ અને શહેર ભાજપ કાર્યાલય મંત્રી હરેશ જોષીએ જહેમત ઉઠાવી હતી.

ભીચરીમાં પિતાએ પુત્રને છરી મારી પતાવી દીધો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૮

રાજકોટ અમરગઢ ભીચરીમાં રહેતાં અજીત રાજુભાઇ ભોજવીયા (દેવીપૂજકપૂ) (ઉ.૩૨)ને રાત્રે તેના પિતા રાજૂ ધનાભાઇ ભોજવીયા (ઉ.૫૫)એ છાતીમાં છરીનો ઘા ઝીંકી દેતાં બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલે ખસેડાયો હતો. પરંતુ સારવાર મળે તે પહેલા જ ફરજ પરના તબીબે મૃત્યુની જાણ કરતા પરિવારમાં અરેરાટી સર્જાઇ હતી.

પ્રાથમ માહિતી અનુસાર દેવીપૂજક યુવાન મોડીરાત્રે પોતાની વાડીએ હતો, ત્યાં પાણી વાળવાનું હોઇ તે ઘરે પત્નિને બોલાવવા આવ્યો હતો. તેણી દરવાજો બંધ કરી સુઇ ગઇ હોઇ તેણે દરવાજો ખખડાવતાં તેના પિતા ઓસરીમાં બેઠા હોઇ શું દેકારો કરે છે? કહી ઝઘડો કર્યો હતો. દેવીપૂજક યુવાને, 'હું મારી પત્નિને કહું છું, તમે વચ્ચે ના બોલો' તેમ કહેતાં પિતાએ તેને છરી ભોંકી પતાવી દીધો હતો. વચ્ચે પડેલી પત્ની અને પુત્રવધૂને પણ આ પ્રૌઢે ઇજા પહોંચાડી હતી. હત્યાનો ભોગ બનનાર અજીતના મોટા ભાઇ અરવિંદ ભોજવીયાએ જણાવ્યું હતું કે મારા બાપુજી રાજુભાઇને નશો કરવાની આદત હતી. રાત્રે પણ તે ફૂલ પીધેલા હતાં. મારો ભાઇ અજીત દરવાજો ખખડાવતો હતો અને તેની પત્ની ભારતીના નામની બૂમો પાડતો હતો ત્યારે બાપુજી રાજુભાઇ ગુસ્સે થયા હતાં અને દેકારો શું કરે છે? કહી હુમલો કરી દીધો હતો. અજીતની હત્યાથી ચાર સંતાને પિતાનું છત્ર ગુમાંવ્યું.

આરોપી હત્યા કરી ભાગી જતાં મોડી રાત્રે ડીસીબીની ટીમે વાડી વિસ્તારમાંથી દબોચી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે.

રાજકોટ ક્રાઈમ

બેભાન થતા મૃત્યુ થયું

રાજકોટ: સંતકબીર રોડ ગોકુલનગરમાં રહેતા રાધાબેન સારાભાઇ (ઉ.વ.૩૬)ગઈકાલે રાત્રે નવેક વાગ્યાની આસપાસ પોતાના ઘરે બેભાન થઇ જતા બેભાન હાલતમાં સિવિલમાં લાવતા ત્યાના ફરજ પરના તબીબે તપાસી મૃત્યુની જાણ કરતા પરિવાર શોકમગ્ન થયું હતું.

ઈલેક્ટ્રિક શોક લાગતા યુવકનું મૃત્યુ

રાજકોટ: ઉમરાળી ગામમાં રહેતા ઘનશ્યામભાઈ કાનાભાઈ જડું (ઉ.વ.૩૭)ગઈકાલે સાંજના પાંચેક વાગ્યાની આસપાસ પોતાના ગામની વાડીએ હતા ત્યારે ઈલે.શોક લાગતા બેભાન થઇ જતા સારવાર માટે સિવિલે લાવતા ત્યાંના ફરજ પરના તબીબે તપાસી મોડીરાત્રે મૃત્યુની જાણ કરતા જડું પરિવારમાં આક્રંદ છવાયો હતો.

પતિ પત્નીના ઝગડામાં પતિ એ છરી મારી

રાજકોટ: ગૌરીદળ ગામની યુવતી સંગીતાબેન જયેશભાઈ પાઉં(ઉ.વ.૩૨) ગઈકાલે રાત્રે એકાદ વાગ્યાની આસપાસ તેના પતિ સાથે બોલાચાલી બાદ ઝગડો થતા ઉશ્કેરાઈને પતિએ પડખામાં છરી મારી દેતા સંગીતાબેને રાડારાડી કરીમુકતા પાડોશીઓ એ આવીને લોહીલુહાણ હાલતમાં સારવાર માટે સિવિલે ખસેડ્યા હતા.જે અંગે કુવાડવા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જુગાર રમતા ૭ નેપાળીઓને ઝડપી પાડતી શહેર ક્રાઈમ બ્રાન્ચ

રાજકોટ: શહેર ક્રાઈમ બ્રાન્ચ દ્વારા રોજબરોજની કામગીરી દરમ્યાન જુદા જુદા વિસ્તારોમાં દરોડો પાડીને જુગાર રમતા શકુનિઓને ઝડપી કડક કાર્યવાહી કરવામાં આવે છે. આવી જ રીતે ગઈકાલે પેટ્રોલિંગ દરમ્યાન મળેલ બાતમીને આધારે અશોક સોસાયટી શેરી નં.૩ લીટલ કિડ્સ પ્રી સ્કૂલ પાસે એરપોર્ટ રોડ પર ભાડેથી રહેતા નેપાળી યુવક રમેશભાઈ રાવલને ત્યાં દરોડો પાડતા તીન પતીનો જુગાર રમતા રમેશ સહીત જીતબહાદુર કસેરા, પ્રકાશ સાઉદ, ડમરબહાદુર ધામી, મીન્નાલાલ સાઉદ, શૈલેશ કારકી,સુમન બોહરાને રોકડા રૂ.૩૦,૩૦૦ સાથે ઝડપી સાતે નેપાળી વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પતિ અને સસરાના ત્રાસથી પરિણીતાએ ફાસો ખાઈ જિંદગી ટુકાવી

રાજકોટ: જાગનાથ પ્લોટમાં આવેલા શ્રી કૃષ્ણ એપાર્ટમેન્ટમાં રહેટી કિરણબેન ડોડીયા (ઉ.વ.૩૩)એ ગઈકાલે પોતાના ઘરે ગળેફાસો ખાઈ આપઘાત કર્યો. પ્રાથમ માહિતી અનુસાર કિરણબેનના લગ્ન નવ વર્ષ અગાઉ રાજકોટના અજીત ડોડીયા સાથે થયા હતા. તેને સંતાન માં ૨ પુત્રી હતી. સંતાનમાં પુત્ર ન હોવાથી પતિ તેમજ સસરા નથુ ડોડીયા શારીરિક,માનસિક ત્રાસ આપતા તેમજ પિયરે જવાદેતા નહીં અને ટેલીફોનીક વાત પણ કરવા દેતા નહોતા. આવા ત્રાથી કંટાળી પરિણીતાએ અંતિમ પગલું ભર્યું હતું. આ બનાવ અંગે એ.ડિવિઝન પોલીસે આપઘાતની ફરજ પાડવાનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

શહેર ભાજપ દ્વારા ઇ-શ્રમ કાર્ડ કેમ્પ યોજાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૮

શહેર ભાજપ દ્વારા સામાજીક ન્યાય પખવાડિયાની ઉજવણીના ભાગરૂપે શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીના માર્ગદર્શન હેઠળ વિવિધ કાર્યક્રમો યોજનાર હોય તે અંતર્ગત રેનબસેરા, મહાકાળી ચોક, ગંજીવાડા ખાતે ઈ-શ્રમ કાર્ડ કેમ્પ યોજાયો હતો. જેનો બહોળી સંખ્યામાં જરૂરીયાતમંદ લાભાર્થીઓએ લાભ લીધો હતો. આ તકે શહેર ભાજપ મહામંત્રી કિશોર રાઠોડ, મહેશ રાઠોડ, નરશીભાઈ કાકડીયા,સોમભાઈ ભાલીયા, મહેશ બથવાર, રત્નાભાઈ મોરી, ગીરધર રાઠોડ, દીનેશ સોલંકી, જયોત્સનાબેન હેરભા, મૌલીક પરમાર, પાંચાભાઈ વજકાણી, સંજય વજકાણી, વીનોદ કુમારખાણીયા, મયુર બસીયા, મયુર વજકાણી, હીતેશ સરવૈયા, ધર્મેશ સોલંકી, વિઠ્ઠલભાઈ, રાબીયાબેન સરવૈયા સહીતના ઉપસ્થિત રહ્યા હતા. આ કેમ્પમાં વિશેષ સેવા પરેશ ડવેરા, ઉદય જોષી અને હિતેશ જોષીએ સંભાળી હતી.

આ કાર્યક્રમના ઈન્ચાર્જ તરીકે શહેર ભાજપ ઉપપ્રમુખ અને શહેર ભાજપ અનુ.જાતિ મોરચાના પ્રભારી મહેશ રાઠોડ અને શહેર ભાજપ વ્યવસાયિક સેલના સંયોજક નરશીભાઈ કાકડીયાએ જવાબદારી સંભાળી હતી.

વિરાણી પૌષધ શાળામાં સભ્યપદ યાદી સુધારણા

સ્થાનકવાસી જૈન મોટા સંઘમાં આજીવન સભ્યપદ ધરાવનારને ફોર્મ ભરી જવા અપીલ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૮

સ્થાનકવાસી જૈન મોટા સંઘ (વિરાણી પૌષધશાળા) ના આજીવન સભ્યપદ યાદી સુધારણા કાર્યક્રમ-૨૦૨૨ શરૂ કરાયો છે. દરેક આજીવન સભ્યને સુધારણા માટેના નવા ફોર્મમાં આજીવન સભ્ય નં. / ઘરનું સરનામુ / ફોન નં. / મોબાઇલ નં. વિગેરે સાથેનું પૂર્ણ ફોર્મ ભરવા માટે શ્રી સંઘના પ્રતિનિધિ આપની પાસે ફોર્મ લઇને આપના નોંધાયેલ સરનામે ટૂંબરૂ આવશે, તેઓને ફોર્મમાં સંપૂર્ણ વિગત ભરીને પરત આપવા જણાવ્યું છે. જેમાં તાજેતરના બે પાસપોર્ટ સાઇઝના ફોટોગ્રાફસ તથા આધાર કાર્ડની ઝેરોક્ષ નકલ આપવા વિનંતી કરાઇ છે.

જે આજીવન સભ્યના ઘરના સરનામામાં ફેરફાર થયેલ હોય તો તેઓએ સંઘની ઓફિસમાં આવી આપના આજીવન સભ્ય નંબર આપી અને સંઘની ઓફિસમાં જ ફોર્મ ભરી આપવા પણ પ્રમુખ હરેશભાઇ વોરાએ જણાવ્યું છે.

સહકારી ક્ષેત્રે જયેશ રાદડીયાનો દબદબો યથાવત

રાજકોટની ચૂંટણીમાં ભાજપની પેનલ વિજેતા

ભાજપ પ્રેરીત તમામ ૧ ડિરેકટર્સ બિનહરીફ, વિરૂધ્ધમાં એકપણ ફોર્મ ભરાયું નથીઃ વિજય કોરાટ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૮

અગાઉ રાજકોટ સહિત જિલ્લાના તમામ માર્કેટયાર્ડ અને જિલ્લા સંઘ સહિતની સહકારી સંસ્થાઓમાં ભાજપ પ્રેરિત પેનલોનો વિજય થયા બાદ વધુ એક સહકારી સંસ્થા રાજકોટ જિલ્લા કો-ઓપરેટીવ કોટન માર્કેટીંગ યુનિયન (રાજ કોટન) ની ચૂંટણીમાં યુવા સહકારી નેતા જયેશ રાદડિયા તેમજ ભાજપ પ્રેરિત સહકાર પેનલના તમામ ઉમેદવારોનો બિનહરીફ વિજય વાવટો ફરકયો છે. રાજ કોટનના ૧૧ ડીરેકટર્સની જાહેર થયેલ ચૂંટણીમાં ભાજપ અને જયેશ રાદડીયા પ્રેરીત સહકાર પેનલ સામે એકપણ ઉમેદવારે ફોર્મ નહીં ભરતા આ પેનલના તમામ ૧૧ ડીરેકટર બિનહરીફ જાહેર થયા છે. જેમાં (૧) વલ્લભભાઈ ડાંગરીયા , (૨) પરસોતમભાઈ ઢોલરીયા, (૩) મગનભાઈ વડાવીયા, (૪) દામજીભાઈ ભુવા, (૫) પ્રવિણભાઈ વાછાણી, (૬) દેવાયતભાઈ ખેંયા, (૭) રમેશભાઈ મુળીયા, (૮) ભીખાભાઈ ત્રાંડા, (૯) આર.સી. ભુત, (૧૦) લલીતભાઈ રાદડિયા અને (૧૧) રમેશભાઈ સાવલીયાનો સમાવેશ થાય છે.

રાજકોટ જિલ્લાનું સહકારી માળખું દેશભરમાં નમુનેદાર માનવામાં આવે છે અને તેમાંય રાજકોટ જિલ્લા સહકારી બેંકને તો નાબાર્ડ દ્વારા મોડેલ બેંક જાહેર કરી દેશભરની જિલ્લા સહકારી બેંકોને રાજકોટ જિલ્લા સહકારી બેંકનું વહીવટી મોડેલ અપનાવવા અભ્યાસ માટે મોકલવામાં આવે છે . પરંતુ છેલ્લા કેટલા સમયથી ચોકકસ લોકો દ્વારા પોતાની અંગત મહત્વાકાંક્ષાઓ નહીં સંતોષાતા રાજકોટ જિલ્લાના સહકારી ક્ષેત્રને બદનામ કરવાના એક યા બીજી રીતે પ્રયાસો થઈ રહ્યા છે.

આમ છતાં જિલ્લાભરની તમામ સહકારી સંસ્થાઓના સુકાનીઓ અને સભ્યો જયેશ રાદડિયા સાથે અડીખમ ઉભા છે તે વધુ એક વખત સાબિત ગયું છે. માર્કેટયાર્ડના ચેરમેન જયેશભાઈ બોઘરા તેમજ ડિરેકટર વિજયભાઈ કોરાટ તેમજ જે. કે. પીપળીયા દ્વારા સંયુકત યાદીમાં જણાવેલ છે.

લુણાવાડા વણકર સમાજ મંડળ દ્વારા પેન્શન આંદોલનને ટેકો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૮

મહીસાગર જિલ્લાનાં લુણાવાડા વણકર સમાજ પ્રગતિ મંડળ દ્વારા મુખ્યમંત્રીને આવેદનપત્ર આપીને જણાવ્યું છે કે, સરકાર દ્વારા ૧/૪/૨૦૦૫ થી દાખલ થતા કર્મચારીઓ માટે જૂની પેન્શન યોજના બંધ કરી નવી દાખલ કરી છે.

જે કર્મચારીઓનાં પરિવાર માટે ખૂબ જ મુશ્કેલ છે. નવી યોજના શેરબજાર આધારિત હોય, બિમારીનાં સમયે કોઈ મેડિકલ સારવારની સ્પષ્ટતાનાં હોય કે નિવૃત્તિ કે મૃત્યુ બાદ કર્મચારીની રકમનું નહીવત વ્યાજ આપવામાં આવે છે. જેમાં કર્મચારીઓનું ગુજરાત થઇ શકે તેમ નથી અને ઘડપણમાં જીવન જીવવું મુશ્કેલ ન થાય અને સન્માનભેર જીવી શકે તે માટે જૂની પેન્શન યોજના લાગુ કરવી ખૂબ જ જરૂરી હોય. સમાજનાં લોકોની લાગણી અને માંગણી ધ્યાનમાં લઇ અમો વણકર સમાજ પ્રગતિ મંડળ, પાંચ પરગણા, લુણાવાડા વિભાગ સમર્થન કરીએ છીએ. તેમ જણાવ્યું છે.

રાજકોટ જિલ્લામાં હેલ્થ મેળાનો પ્રારંભ

આજે કુવાડવા બાદ કાલથી પાંચ દિવસ પડધરી, લોધિકા, ગોંડલ, શાપર-વેરાવળ વગેરે તાલુકા-બ્લોક કક્ષાએ આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૧૮

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, જિલ્લા પંચાયત , રાજકોટ દ્વારા રાજકોટ જિલ્લાના દરેક તાલુકા કક્ષાએ ભારત સરકાર અને રાજય સરકાર દ્વારા આયોજીત રાજકોટ તાલુકા કક્ષાનો હેલ્થ મેળો આજે તા.૧૮ ના રોજ સામુહિક આરોગ્ય કેન્દ્ર કુવાડવા ગામ ખાતે મહાનુભાવોના અધ્યક્ષતામાં હેલ્થ મેળાનું આયોજન કરવામાં આવેલ છે.

આ ઉપરાંત પડધરી તાલુકાનો હેલ્થ મેળો તા.૧૯ ના રોજ સામુહિક આરોગ્ય કેન્દ્ર-પડધરી, તા.૧૯ ના રોજ સામુહિક આરોગ્ય કેન્દ્ર-લોધિકા, તા.૨૧ ના રોજ સંગ્રામસિ હાઇસ્કુલ ગ્રાઉન્ડ કોલેજ ચોક ગોંડલ ખાતે, તા.૨૦ ના રોજ વેરાવળ શાપર ઇન્ડસ્ટ્રીયલ એસોસિએશન હોલ શાપર-વેરાવળ ખાતે, તા.૧૯ના રોજ સામુહિક આરોગ્ય કેન્દ્ર-વિરપુર ખાતે, તા.૨૦ ના રોજ સામુહિક આરોગ્ય કેન્દ્ર જામકંડોરણા ખાતે, તા.૨૦ ના રોજ સરકારી હોસ્પિટલ-ઉપલેટા ખાતે, તા.૨૨ ના રોજ સરકારી હોસ્પિટલ-ધોરાજી ખાતે, તા.૨૧ ના રોજ ડી.એસ.વી.કે સ્કુલ-જસદણ ખાતે, તા.૨૦ ના રોજ મામલદાર કચેરીનું ગ્રાઉન્ડ વિંછીયા ખાતે યોજનાર છે.

હેલ્થ મેલમાં આરોગ્ય સંભાળ સેવાઓ, ટેલી ઈન્સાન વિનામુલ્યે ડાયાબીટીસ, હાઇ બી.પી. નિદાન, મોઢાનું કેન્સરનું વિનામૂલ્યે નિદાન, હેલ્થ આઇડી કાર્ડ કાઢવામાં આવશે, વિનામૂલ્યે મોતિયાબિંદની તપાસ, આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાનું કાર્ડ કાઢવામાં આવશે. આ સાથે યોગ અને ધ્યાનના ફાયદાઓ અંગે જાણકારી આપવામાં આવશે. આયુષ્માન ભારત હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરો ખાતે યોગા સેશનનું આયોજન કરવામાં આવેલ છે. આ ઉપરાંત હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરો પરથી ટેલીકન્સલ્ટેશનના માધ્યમ થકી નિષ્ણાંતોની પરામર્શ સેવાઓ આપવામાં આવશે.

વડિયામાં ગૌમાતાની સાક્ષીએ ૧૧ દીકરીઓના લગ્ન

કોરોનાકાળમાં માતા-પિતાની છત્રછાયા ગુમાવનાર દીકરીઓની વ્હારે આવી ગોવર્ધન ગૌશાળા

(કિરીટ જોટવા દ્વારા)

વડિયા, તા.૧૮

કોરોનાકાળના કપરા સમયમાં પોતાના માતા-પિતાની છત્રછાયા ગુમાવી હોય તેવી અગિયાર દીકરીઓ માટે સર્વજ્ઞાતિ સમૂહલગ્નનું આયોજન વડિયાની ગોવર્ધન ગૌશાળાના નેજા નીચે સેવાભાવી લોકો,દાતાઓ અને રાજકીય ધાર્મિક આગેવાનોના સહયોગથી કરવામાં આવ્યું હતું. વડિયાની મુખ્ય બજારમાં આગિયાર વરરાજા ડીજે અને બેન્ડના તાલે વાજતે ગાજતે રાસની રમઝટ સાથે સોરઠીયા મહાજન વાડીથી ગોવર્ધન ગૌશાળા સુધી વરઘોડો યોજાયો હતો. કન્યાદાન ગોવર્ધન ગૌશાળાની સમિતિ એ કર્યું હતું. આ જાજરમાન લગ્નોત્સવમાં જોડાનાર દીકરીઓનો સાધુ સંતો, સામાજીક,રાજકીય આગેવાનો અને વિશાળ ગામલોકોની ઉપસ્થિતિમાં પૂર્ણ કર્યાવર સાથે વિદાઈ આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ ગોવર્ધન ગૌશાળાના પટાગણજમાં બે દિવસ ચાલ્યો હતો જેમા પ્રથમ દિવસે બટુક ભોજન, સુંદરકાંડ અને ભવ્ય દાંડિયારાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જયારે બીજા દિવસે ભવ્ય લગ્નોત્સવનું આયોજન જેનું સાક્ષી બનવા સમગ્ર વડિયા ગામ જોડાયું હતું. ત્યારે વડિયાની ગોવર્ધન ગૌશાળાના આંગણે માનવ મહેરામણ ઉમટ્યો હોય તેવા દ્રશ્યો સર્જાય હતા. આ કાર્યક્રમ માંધારાસભ્ય પરેશ ધાનાણી, પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુ ઊંધાડ, લલિત રાદડિયા, સ્થાનિક રાજકીય આગેવાનો સાધુ સંતો અને દાતાઓની હાજરીમાં યોજાયો હતો.

તંત્રી સ્થાનેથી...

વૃક્ષો કાપવાનું રોકવુ અતિ જરૂરી

દુનિયામાં આવનાર પાંચ વર્ષમાં પૃથ્વીનું તાપમાન ૪૦ ટકા જેટલું વધી શકે તેવી ચેતવણી ભર્યો અહેવાલ વર્લ્ડ મિટિયરોલોજીકલ ઓર્ગેનાઝેશને આપેલ ત્યારબાદ યુએન એ વિશ્વના દેશોને ધરતીનુ ઉષ્ણતામાન ઘટાડવા બાબતે, નિષ્ણાતોએ કાર્બન ઉત્સર્જન ઘટાડવા તેમજ પર્યાવરણને બચાવવા માટે વિશ્વના દેશોને ચેતવણી આપેલ. ત્યારે જો ગરમી વધી જાય તો ક્લાઇમેટ ચેન્જને નાથવા માટેના શરૂ કરવામાં આવેલ તમામ પ્રયાસો પર પાણી ફરી વળે. બીજી તરફ વિશ્વની મોસમ સંસ્થાના વિજ્ઞાનિઓના કહેવા મુજબ ૨૦૨૫ નું વર્ષ સૌથી ગરમ સાબિત થશે. ગરમી વધવાને કારણે દુનિયાભરના દરિયાના પાણી ગરમ થશે જે કારણે વાવાઝોડામાં પણ વધારો થશે અને તે સમગ્ર વિશ્વના દેશો માટે આર્થિક સહિતના વિકાસ કાર્યો માટે નુકસાન દેહી બની રહેશે. તે સાથે બર્ફીલા પ્રદેશો કે વિસ્તારોનો બરફ વધુ ઝડપે પીગળવા લાગશે જેના પરિણામરૂપે દરિયા કિનારા નજીકના વિસ્તારો પાણીમાં ગરક થઈ જશે તો અનેક દ્વીપોનુ અસ્તિત્વ જ નહીં રહે. સમગ્ર ધરતી માટે ક્લાઈમેટ ચેન્જ આજે મોટો ખતરો બની ગયો છે. વિશ્વના દેશો આ બાબતે ભારે ચિંતા વ્યક્ત કરતા આવવા સાથે વિશ્વ પર્યાવરણ સંમેલનો તથા શિખર બેઠકો કરતા રહ્યા છે જેમાં ગરમી ઓછી કરવા, હવામાં ભળતો કાર્બન નાથવા, જળ- વાયુ પ્રદૂષણ ઘટાડવા માટે લાંબી લાંબી ચર્ચાઓ કરવા સાથે વિવિધ નિર્ણયો લેવાયા છે. પરંતુ તેનો અમલ કેટલા દેશોએ કેટલો કર્યો છે તે કોઈ પણ દેશ દાવા સાથે નથી કહી શકતો. જ્યારે કે વિશ્વ સ્તરની શિખર બેઠકો કે પર્યાવરણ સંતુલનમાં આવી સ્થિતી જડમૂળથી ખતમ કરવા માટે કોઈ ઠોસ નિર્ણય લેવામાં ફીફા ખાડતું રહ્યું છે. જેના પરિણામો હવે વિશ્વના દેશોએ ભોગવવાની શરૂઆત થઈ ગઈ છે.!

વિશ્વભરના ઉદ્યોગો દ્વારા હવામાં કાર્બન ડાયોક્સાઇડ છોડવાને કારણે વાતાવરણ પ્રદૂષિત થાય છે તેમજ રસાયણ યુક્ત ઝેરી પાણી નદીઓ, તળાવો કે જેનો ઉપયોગ પીવાના પાણી માટે કે સિંચાઈ વગેરે માટે થાય છે તેમાં છોડવામાં આવે છે. જે કારણે પીવાના પાણી પણ પ્રદૂષિત બન્યા છે. ટૂંકમાં વાતાવરણમાં દૂષિત હવા અને દૂષિત પીવાના પાણીને કારણે લોકોના આરોગ્યને મોટું નુકસાન થાય છે અને થઈ રહ્યું છે. હવામાં કાર્બન છોડતા દેશોમાં ભારત ત્રીજા ક્રમે છે પરંતુ ચીન પ્રથમ ક્રમે આવે છે અને બીજા ક્રમે અમેરિકા આવે છે. ભારતે જ્યારથી ૫ ટ્રીવીયા ઈકોનોમીની વાત કરી છે ત્યારથી ભારત ઔદ્યોગિક ઉત્પાદનો વધારવા ભરપૂર પ્રયાસો કરી રહ્યું છે. અને એ કારણે વિશ્વ કક્ષાએ ભારતના દરેક પગલા પર નજર રાખવામાં આવી રહી છે. ત્યારે હવેના સમયમાં વાતાવરણમાં છોડાતો કાર્બન ડાયોક્સાઇડ ઓબ્સોર્બ થાય તે જરૂરી છે, તો કેમિકલ પ્રદુષિત પાણીના નિકાલ માટે નદી, તળાવ, જમીનોમાં નહી છોડતા અન્ય રીતે વાળવા જરૂરી છે, તદ ઉપરાંત જંગલોના વૃક્ષો તેમજ જે તે નાના- મોટા શહેરોમાં વૃક્ષો કાપવાનું રોકવુ અતિ જરૂરી છે.

હાશ...!! ફરી એક વખત રાજકોટની દિવાલોએ અવનવા રંગરૂપ ધારણ કર્યા

(તસવીરઃ પંકજ ડાભી)

ખાલીખમ દિવાલો પર પીંછીથી કલાત્મક ચિત્રોનાં કામણ પાથરતા કલાકારો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)રાજકોટઃ રાજકોટ શહેરમાં છેલ્લા કેટલાક સમયથી દિવાલો પરના અદ્‌ભુત, કલાત્મક અને વિવિધ વિષયોથી ભરપુર ચિત્રો કોઈ કારણોસર બગડી ગયા હતા અને દિવાલોની રોનક ઝાંખી પડવા લાગી હતી. ચિત્રનગરી રાજકોટ બદસુરત બની જાય એ પહેલા રાજકોટ મનપાનાં અને તંત્રવાહકોનાં પ્રયાસોથી કલાકારોએ ફરી એકવખત દિવાલોને બોલતી કરી દીધી છે અને વૈવિધ્ય સભર મનમોહક ચિત્રો દોરવાનું શરૂ કરતા રાજકોટ ચિત્રનગરીનાં રૂપમાં પરત ફરી રહ્યું છે. અલગ- અલગ વિસ્તારોમાં ખાલીખમ દિવાલો પર રાજકોટનાં કલાકાર ભાઈ- બહેનોએ એમના કૌશલ્યનાં દર્શન કરાવી રંગ વૈવિધ્ય અને રોમાંચક થીમને દિવાલો પર જીવંત કરી કલાનાં કામણ પાથર્યા છે. રાજકોટની મૌન દિવાલોને જાણે કે ફરી વાચા ફૂટી છે. ધન્ય કલાકારો, ધન્ય મનપા અને ધન્ય ચિત્રનગરી.(૨.૧૨)

દડલી ગામના યુવાને આર્મીની તાલીમ પૂર્ણ કરતા ભવ્ય સન્માન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
વિંછીયા, તા.૧૮

વિંછીયા તાલુકાના દડલી ગામના કોળી સમાજના જાંબાઝ યુવાન દીપકભાઈ ભગવાનભાઈ ધોરીયાએ જામનગર ખાતે એસ-એસ-બી (આર્મી)ની ટ્રેનિંગ પૂર્ણ કરી વતન દડલી ગામે આવતા પાંચાળ વિકાસ બોર્ડ અને વિંછીયા તાલુકા કોળી સમાજ પ્રમુખ વિનોદભાઈ વાલાણી દ્વારા સન્માન સમારોહ દડલી ગામે યોજાયો હતો દડલી ગામના જવાન દીપકભાઈને શાલ મોમેન્ટો અને ભારત માતાની છબી આપી શાનદાર શાહી સન્માન કર્યું હતું.

આગેવાનોએ દેશની રક્ષા કરતા જવાનને શુભેચ્છાઓ પાઠવી હતી સ્વાગત કાર્યક્રમમાં પાંચાળ વિકાસ બોર્ડ પ્રમુખ વિનોદભાઈ વાલાણી, વિંછીયા માર્કેટિંગ યાર્ડ પ્રમુખ કડવાભાઈ જોગરાજીયા, પાંચાળ વિકાસ બોર્ડના સદસ્યો કડવાભાઈ ખીહડીયા, જેસાભાઈ મકવાણા, દડલી ગ્રામપંચાયત સરપંચ વિનુભાઈ હાંડા તેમજ ગ્રામજનોએ મોટી સંખ્યામાં હાજર રહી પ્રસંગને શોભાવ્યો હતો.

રાજકોટ દૂધ સંઘ દ્વારા વધુ એક વખત ૩.૧૦ વધારાયા

દૂધ મંડળીઓને ૨૧ મી થી કિલો ફેટના ૩.૭૧૦ ચૂકવાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૮

રાજકોટ દૂધ સંઘનાં અધ્યક્ષ અને નિયામક મંડળના સભ્યોએ હંમેશા દૂધ સંઘનાં સંચાલનમાં તેની સાથે જોડાયેલા હજારો દૂધ ઉત્પાદકોના આર્થિક અને સામાજિક હિતોને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.

હાલ કપાસીયા ખોળ અને ખાણદાણના ઉંચા ભાવો તેમજ ઉનાળાની અસહ્ય ગરમીને ધ્યાનમાં રાખીને દૂધ સંઘે છેલ્લા ૫૦ દિવસમાં દૂધનાં ખરીદ ભાવમાં પાંચમો પ્રતિ કિલો ફેટે રૂા.૧૦/- નો વધારો કરીને પ્રતિ કિલો ફેટનો ભાવ રૂા.૭૧૦/- કરવા નિર્ણય નક્કી કરેલ છે. અત્યારે દૂધ મંડળીઓને પ્રતિ કિલો ફેટનો ભાવ રૂા.૭૦૦ ચુકવવામાં આવી રહ્યો છે. ગયા વર્ષે આ સમયગાળામાં પ્રતિ કિલો ફેટનો ભાવ રૂા. ૬૬૦ હતો જેની સરખામણીએ આ જાહેરાતથી મંડળીઓને રૂા.૫૦ વધુ મળશે. દૂધ સંઘ દ્વારા તા. ૨૧/૦૪/૨૦૨૨ થી દૂધ મંડળીઓને પ્રતિકિલો ફેટે રૂા. ૭૧૦ચુકવવામાં આવશે અને દૂધ મંડળીઓ તેના દૂધ ઉત્પાદકોને પ્રતિ કિલો ફેટનો ભાવ રૂા. ૭૦૫ ચુકવશે. આ નિર્ણયથી દૂધ સંઘ સાથે જોડાયેલ ૫૦ હજારથી વધારે દૂધ ઉત્પાદકોને આર્થિક ફાયદો થશે. આ જાહેરાત દૂધ સંઘના અધ્યક્ષ ગોરધનભાઈ ધામેલીયા તરફથી કરવામાં આવેલ છે.

૫૦ હજારથી વધુ દૂધ ઉત્પાદકોને આર્થિક ફાયદો, ખુશીની લહેર

પરણિત હોવા છતાં સગીરાને લગ્નની લાલચ આપી દુષ્કર્મ આચરવાના ગુનામાં આરોપીની જામીન અરજી રદ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ તા.૧૮

એડવોકેટઃ મુકેશ પીપળીયા

સગીરાને લગ્નની લાલચ આપી ભગાડી જઇ દુષ્કર્મ આચરવાના ગુનામાં પોલીસે આરોપીને પકડી પાડી જેલ હવાલે કર્યો હતો. આરોપીએ જેલમાંથી જામીન પર છુટવા જામીન અરજી કરતા કોર્ટે આરોપીની જામીન અરજી રદ કરી છે. આ કેસની વધુ વિગત એવી છે કે,તા.૨૩/૦૨/૨૦૨૨ના રોજ આરોપી પ્રકાશભાઈ ભરતભાઈ શિયાળ રહે. ગામ ઓરી તાલુકો વિંછીયા વાળાએ પોતે પરણિત હોવા છતાં સગીરાને લગ્નની લાલચ આપી ભગાડી જઇ દુષ્કર્મ આચરવાના ગુનામાં પોલીસે આરોપીની ધરપકડ કરી જેલ હવાલે કર્યા હતા આરોપીએ જેલમાંથી છૂટવા જામીન અરજી કરતાં સરકાર તરફે રહેલ સરકારી વકીલે દલીલ કરતાં જણાવ્યું હતું કે સમાજ વિરોધી ગુનેગારોને જામીન આપવા જોઇએ નહીં જેવી દલીલોને ધ્યાને લઇને કોર્ટે આરોપીની જામીન અરજી રદ કરી છે.

આ કામમાં સરકાર તરફે સરકારી વકીલ મુકેશ પીપળીયા રોકાયેલ હતા.

પ્રથમ પુણ્યતિથિ

સ્વ. રાણીબેન હમીરભાઈ પરમાર
સ્વ. તા.૧૮/૦૪/૨૦૨૧, રવિવાર

પૌત્ર
નટવર મોહનભાઈ પરમાર
જીતેન્દ્ર મોહન પરમાર
મહેશ મોહનભાઈ પરમાર
કમલેશ કેશુભાઈ પરમાર
સુરેશ કેશુભાઈ પરમાર
જીજ્ઞેશ મુળજીભાઈ પરમાર
કૌશિક મુળજીભાઈ પરમાર

પપૌત્ર
ધ્રુવ નટવરભાઈ પરમાર
આયુષ મહેશભાઈ પરમાર

દોહીત્ર
અજય જીવણભાઈ રાઠોડ
ભાવેશ જીવણભાઈ રાઠોડ
દિલીપ મનુભાઈ ચાવડા

નાગરિકોના આરોગ્યની કરે દરકાર
ભારત અને ગુજરાતની સંવેદનશીલ સરકાર

આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી નિમિત્તે
તમામ તાલુકા મથકોએ આરોગ્યમેળા યોજાશે

તા. ૧૮ થી તા. ૨૨ એપ્રિલ દરમિયાન દરેક તાલુકાઓને આવરી લેતા રાજ્યવ્યાપી આરોગ્યમેળાઓનું વિશિષ્ટ આયોજન

આ આરોગ્યમેળાના માધ્યમથી કેન્દ્રિય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના જન આરોગ્યલક્ષી જુદા-જુદા કાર્યક્રમો અને યોજનાઓ થકી લોકોને માહિતગાર કરવામાં આવશે

આ આરોગ્યમેળામાં લોકોને એક જ સ્થળેથી આરોગ્ય સેવાઓ અને જુદી જુદી આરોગ્યલક્ષી યોજનાઓના લાભ આપવામાં આવશે

આયુષ્માન ભારત ડિજિટલ હેલ્થ મિશન હેઠળ યુનિક આઇ.ડી. કાર્ડ બનાવવામાં મદદ મળશે

ટી.બી. નિર્મૂલન કાર્યક્રમને સફળ બનાવવા માટે સઘન પ્રયાસો હાથ ધરાશે

જરૂરિયાતમંદ અને પાત્રતા ધરાવતા લાભાર્થીઓને આયુષ્માન ભારત કાર્ડની સુવિધા આપવામાં આવશે

પ્રાથમિક આરોગ્ય સંભાળ અને આરોગ્ય સેવાઓ થકી ઝડપી નિદાન, દવાઓ, ડેલિકન્સલ્ટેશન જેવી પ્રવૃત્તિઓ દ્વારા સ્ક્રીનિંગ સુવિધા આપવામાં આવશે

ચેપી તથા બિન-ચેપી રોગોના નિયંત્રણ માટે જરૂરી પગલાં લેવા અંગે લોકોને શિક્ષિત કરવામાં આવશે

આ આરોગ્યમેળામાં જે-તે મત વિભાગના સંસદસભ્યશ્રી, ધારાસભ્યશ્રી અને જિલ્લા-તાલુકાના પદાધિકારીઓ ઉપસ્થિત રહી પ્રોત્સાહન પૂરું પાડશે

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજ્ય

કોંગી આગેવાન ગજેન્દ્રસિંહ ઝાલા અને ચંદ્રેશ રાઠોડનો સાફવાત

કારમી મોંઘવારી, બેરોજગારી, તોતિંગ ભાવવધારા વગેરેને કારણે ભાજપને જાકારો મળ્યોઃ કોંગ્રેસ

પેટા ચૂંટણીમાં જનતાએ ભાજપને તમાચો માર્યો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૮

રાજકોટ શહેર કોંગ્રેસ પ્રવકતા ગજેન્દ્રસિંહ ઝાલા (લોક સંસદ વિચાર મંચ) અને શહેર યુથ કોંગ્રેસના પૂર્વ મહામંત્રી ચંદ્રેશ રાઠોડે જણાવ્યું છે કે, ચાર વિધાનસભા અને એક લોકસભાની પેટા ચૂંટણીના પરિણામો જાહેર કરવામાં આવતા ભાજપના પગ નીચેથી જમીન સરકી ગઈ છે. પશ્ચિમ બંગાળમાં આસનસોલ લોકસભાની સીટ બાલી ગંજ વિધાનસભાની TMC એ જંગી બહુમતીથી જીતી છે. છતીસગઢની બૈરાગઢ, બિહારની બોચાહન મહારાષ્ટ્રના ઉતર કોલ્હાપુર સહિતની ચાર પેટા ચૂંટણીમાં પરીણામો જાહેર કરાતા ભાજપના સુપડા સાફ થયા છે અને કોંગ્રેસ મુકત ભારતની વાતો કરનારા શાસકોને કોંગ્રેસ બે બેઠકો પર જવલંત વિજય મેળવી શાસકોને દેશની જનતાએ સણસણતો તમાચો માર્યો છે. ભાજપ એક પણ સીટ જીતી શકી નથી. કોંગ્રેસની ફાળે બે અન્ય બે તૃણમુલ કોંગ્રેસ અને અન્ય રાજદ જયારે ભાજપને ફાળે એક બેઠક ન મળતા દેશમાં કારમી મોંઘવારી, બેરોજગારી, પેટ્રોલ, ડીઝલ, લીંબુના ભાવ વધારાએ સદી વટાવતા દેશની જનતાએ ભાજપને જાકારો આપ્યો છે. ચાર રાજયોમાં પેટા ચૂંટણીએ ઝાંખી હૈ અબ ગુજરાત કી બારી હૈ તેમ અંતમાં સિનીય કોંગ્રેસ અગ્રણી ઝાલા અને રાઠોડે જણાવ્યું છે.

કેશોદના ડીવાય. એસ.પી. ગઢવી સેવાકાર્યો માટે પણ પ્રેરણામૂર્તિ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૮

પોલીસ એક એવો વિભાગ છે જેમનાથી લોકો દૂર ભાગે, પોલીસ સ્ટેશનની નજીક જવાનું પણ લોકો ટાળતા હોઈ પરંતુ કેશોદના નાયબ પોલીસ અધિક્ષક (Dy.S.P.) ગઢવી સાહેબના વ્યકિતત્વને જોઈને પોલીસ પ્રત્યેની માનસિકતા બદલાઈ જાય છે. ગઢવી સાહેબ પોતાની નોકરીની સાથે સાથે ગૌમાતા માટે, ઝૂંપડપટ્ટીના બાળકો માટે અનેક સેવાકીય કાર્યો કરી રહ્યા છે. પોલીસ કચેરીને સેવાનું એવું મંદિર બનાવ્યું છે કે વારંવાર ત્યાં મુલાકાત લેવાની ઈચ્છા થાય છે. પોતે જાતે વૃક્ષો,ફૂલો વાવીને પોલીસ કચેરીને હરિયાળીથી સુશોભિત કરી દીધી છે. તમામ કાર્યોમાં એમનો સ્ટાફ પણ જોડાઈ ગયો છે. પોલીસ કચેરીની આગળ ગૌમાતા માટે એક મોટો સેડ બનાવી ગાયોને ઘાસચારો નાખી અનેક ગૌમાતાની સેવા કરી રહ્યા છે.

આ સેડમાં અનેક માળાઓ મૂકી અબોલ પક્ષીઓની સેવા કરી રહ્યા છે. ઝૂંપડપટ્ટીમાં રહેતા લોકો માટે પાણીની વ્યવસ્થા તેમજ ઝૂંપડપટ્ટીમાં રહેતા બાળકો માટે પોલીસ સ્ટેશનની બહાર રમવાના સાધન, બાળકોને ફરવા માટે સાયકલ તેમજ રોજ સાંજે ૫ વાગે બધા બાળકોને નાસ્તો, બાળકો પણ પોલીસના કોઈ પણ ડર વિના સાહેબની આજુબાજુ જ ફર્યા કરે, પગે લાગે, કાલીઘેલી ભાષામાં બાળકો માંગણી મૂકે અને સાહેબ એમની વાતનો પ્રેમથી જવાબ પણ આપે છે.

BAPS ના સંતોની વડાપ્રધાન સાથે શુભેચ્છા મુલાકાત

સ્વામિનારાયણ સંસ્થા દ્વારા અવિરત થતાં સેવાકાર્યોને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આવકાર્યા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૮

બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થાના વરિષ્ઠ સંતવર્ય પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી અને બ્રહ્મવિહારીદાસ સ્વામીએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની દિલ્હી ખાતે શુભેચ્છા મુલાકાત લીધી હતી. પૂજ્ય ઈશ્વરચરણ સ્વામીએ પ્રાસાદિક પુષ્પહારથી નરેન્દ્રભાઈને સન્માન્યા હતા.

આ પ્રસંગે બ્રહ્મવિહારી સ્વામીએ બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થા દ્વારા કોવિડ-૧૯ના વિકટ સમયમાં આરંભથી લઈને આજ પર્યંત ચાલી રહેલી રાહત સેવાઓથી અવગત કર્યા હતા, જેમાં લાખો દર્દીઓ તથા પરિવારોને સંસ્થા દ્વારા અપાયેલી મેડિકલ, ખાદ્ય સામગ્રી અને આર્થિક સહાયની વિગતોનો સમાવેશ થાય છે. આ પ્રસંગે વડાપ્રધાને પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી બીએપીએસ દ્વારા કચ્છના ભૂકંપ વેળાએ કરવામાં આવેલ સેવાકાર્યોની પણ સ્મૃતિ કરી હતી. યુક્રેનની બોર્ડર પર ફસાયેલા ભારતીય વિદ્યાર્થીઓને મદદ કરવા માટે બીએપીએસ સંસ્થાએ કરેલ સેવાકાર્યોને પણ તેમણે બિરદાવ્યા હતા.

આગામી ડિસેમ્બર મહિનામાં અમદાવાદ ખાતે ઉજવાનાર પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ અંગે પણ તેમણે ઊંડો રસ દાખવ્યો હતો. પ્રમુખસ્વામી મહારાજ સાથેના કેટલાક અવિસ્મરણીય સંસ્મરણોને વાગોળીને તેઓએ જણાવ્યું હતું કે તેમની આધ્યાત્મિક પ્રગતિમાં અને તેમના આધ્યાત્મિક વિચારોના ઘડતરમાં પ્રમુખસ્વામી મહારાજે ખૂબ મોટું યોગદાન આપ્યું છે.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની નિશ્રામાં અબુધાબી અને બાહરીન ખાતે બીએપીએસ દ્વારા બંધાઇ રહેલ હિન્દુ મંદિરોની તેમણે સરાહના કરી હતી. એક કલાકથી વધુ સમય માટે ચાલેલી આ શુભેચ્છા મુલાકાતના અંતે સંતો અને વડાપ્રધાને ભગવાન સ્વામિનારાયણ તેમજ મહંત સ્વામી મહારાજની સ્મૃતિ સહિત વિશ્વભરમાં વ્યાપેલા ભારતીયોના સર્વાંગી ઉત્કર્ષ માટે પ્રાર્થના કરી હતી.

સુરતમાં રેડિયો જોકી દેવકીએ હોસ્ટેલ પ્રોજેકટની લીધી મુલાકાત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૮

જાણીતા લેખક અને વક્તા જય વસાવડા તથા ગુજરાતી નાટકના કલાકાર અને દેવકી શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ, સુરત તરફથી નિર્માણધીન હોસ્ટેલ પ્રોજેક્ટની મુલાકાતે આવ્યા હતા. વરાછા રોડ પર વાલક નજીક ૨૦૦ કરોડના ખર્ચે તૈયાર થનાર હોસ્ટેલ પ્રોજેક્ટની મુલાકાતે આવેલા એવોર્ડ વિનર દેવકીએ જણાવ્યું હતું કે ગુજરાતી ભાષાના સંવર્ધન માટે માત્ર લોકજાગૃતિ જ એક ઉપાય છે. ગુજરાતી ભાષામાં અનેક પુસ્તકો લખનાર લેખક જય વસાવડાએ સુરતમાં નિર્માણ થનાર હોસ્ટેલ અંગે ખુશી વ્યક્ત કરી હતી. સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજના પ્રમુખ કાનજીભાઈ આર. ભાલાળા ઉપપ્રમુખ સવજીભાઈ વેકરીયા તથા હરિભાઈ કથીરીયાએ ગુજરાતના ગૌરવ એવા બંને વિશિષ્ઠ વ્યકિતઓને સન્માનિત કર્યા હતા.

સાળંગપુરમાં શ્રી હનુમાનજી જન્મજયંતિ મહોત્સવની ભવ્ય ઉજવણી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) સાળંગપુર ખાતે સ્વામિનારાયણ મંદિરવડતાલધામ સંચાલિત શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા) ની પ્રેરણાથી એવં કોઠારી વિવેકસાગરદાસ સ્વામીના માર્ગદર્શનથી શ્રી હનુમાન જન્મજયંતિ મહોત્સવની બે વર્ષ બાદ ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. પંચમુખી હનુમાનજીની હાથી પર ભવ્ય શોભાયાત્રામાં હજારો બહેનો મસ્તક પર અભિષેકનું જળ ધારણ કરેલ, દેશી ઘોડાગાડી અને બળદગાડાએ આકર્ષણ જમાવ્યું હતું. સંતો દ્વારા ૨૫૧ કિલો ફૂલ અને ૨૫ હજાર કિલો ચોકલેટનો દર્શનાર્થીઓ પર વરસાદ કરાયો હતો. હનુમાન જયંતિના દિવસે મંદિરને ફૂલોથી શણગાર સુવર્ણ વાઘા ધરાવી આરતી તથા ભક્તોની કેક કાપી ઉજવણી કરી, તથા પંચમુખી હનુમાનજી મહારાજની મૂર્તિનો અભિષેક એવં અન્નકૂટ આરતી બપોરે કરવામાં આવી હતી. દાદાના દરબારમાં પંચમુખી સમુહ મારૂતી યજ્ઞ યોજાયો હતો.

રોયલ પાર્ક સ્થાનકવાસી જૈન મોટા સંઘ ખાતે ધર્મોત્સવ

રાજકોટમાં આયંબિલ પારણા અવસર ઉજવાયો

પૂ.પરમ સંબોધિજી મહાસતીજી આદિ ઠાણા–૯ પ્રત્યે અહોભાવિત ઋણ સ્વીકૃતિ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૮

રાજકોટનાં રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘ સી. એમ. શેઠ પોષધશાળા-ઓમાનવાળા ઉપાશ્રયમાં નવ નવ દિવસ સુધી રાજકોટના સર્વ વયના ભાવિકોને ધર્મભાવથી ભાવિત-પ્રભાવિત કરી દેનારા અનોખા આયોજન સાથે આયંબિલ ઓળી પર્વની યાદગાર આરાધના કરાવનારા રાષ્ટ્રસંત પરમ ગુરૂદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના આજ્ઞાનુવર્તી પૂજ્ય શ્રી પરમ સંબોધિજી મહાસતીજી સાથે રાજકોટના સાત સંયમી દીકરીઓ આદિ ઠાણા ૯ના સાંનિધ્યે આયંબિલ ઓળી પર્વની પૂર્ણાહુતિ એ પારણા અવસર ઉજવાયો હતો. આયંબિલ ઓળી પર્વના માત્ર નવ દિવસ સુધી જ નહીં પરંતુ અનંતકાળની આહારસંજ્ઞાની શુદ્ધિ માટે દરેક દિવસે તપના નાનકડા સંકલ્પ કરવાની પાવન પ્રેરણા આપતાં આ અવસરે પૂજ્ય શ્રી પરમ આરાધ્યાજી મહાસતીજી એ ફરમાવ્યું હતું કે, પર્વ ચાહે આયંબિલ ઓળીનો હોય કે ચાહે પર્વાધિરાજ પર્વ પરંતુ જૈન દર્શનના કોઈપણ પર્વ આત્મશુદ્ધિના યુદ્ધનો શંખનાદ કરાવી સાધનાના માર્ગે દોરી જતાં હોય છે. અને સાધનાના માર્ગે સ્પ્રિંગ જેવા ચંચળ મનને વાળી ઈચ્છાનિરોધના તપ દ્વારા આપણી અનંતકાળની સંજ્ઞાઓ પર વિજય મેળવી લઈએ.

આ અવસરે ઋણ સ્વીકૃતિના ભાવો વ્યક્ત કરતાં રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘ ના પ્રમુખ ચંદ્રકાંતભાઈ શેઠે કહ્યું હતું કે સમગ્ર રાજકોટમાં સંપૂર્ણ ડિસિપ્લિન અને અદ્ભૂત આરાધના સાથેના કાર્યક્રમો દ્વારા પ્રથમવાર આવા આયંબિલ પર્વની ઉજવણી કરવામાં આવી છે ત્યારે રાજકોટના બાળકો, યુવાનો વડીલો અને દરેક સંઘો તરફથી એક અભૂતપૂર્વ પ્રતિસાદ સાથેની પ્રશસ્તિ થઈ રહી છે. ઉપરાંતમાં પ્રથમવાર બાળકો માટે આયોજીત કરવામાં આવેલા આયંબિલ આહારમાં દરરોજ ૬૦થી વધુ બાળકોએ લાભ લીધેલ અને ચખ લે-આહાર સાયન્સ ફૂડ ફેસ્ટ અનેક બાળકો સાથે અનેક ભાવિકોને સત્યની પ્રેરણા આપી ગયો હતો.

દરેક ભાવિકો તેમજ શ્રી સંઘની ઋણ સ્વીકૃતિનો સ્વીકાર કરતા પૂજ્ય શ્રી પરમ જિનવરાજી મહાસતીજીએ ફરમાવ્યું હતું કે ઋણ સ્વીકૃતિ માત્ર શબ્દોની જ નહીં પરંતુ અમારા દ્વારા આપવામાં આવેલી સમજને જીવનમાં વણી લેવી તે યથાર્થ ઋણ સ્વીકૃતિ હોય છે. એ સાથે જ, પરમ ગુરૂદેવ, પૂજ્ય વડીલ મહાસતીજીઓ આદિએ આપેલા સંસ્કારો પ્રત્યે ઉપકાર અભિવ્યક્તિ કર્યા બાદ પરમ મહાસતીજીઓના સાંનિધ્યે આયંબિલ તપની આરાધના કરનારા ૧૬૦થી વધુ તપસ્વીઓ તેમજ ૧૫થી વધુ બાળ તપસ્વીઓના પારણા યોજાયા હતા. વીણાબેન શેઠના સુંદર સંચાલન સાથે આ અવસર સહુ માટે અવિસ્મરણીય બની સંપન્ન થયો હતો.

મોરીશીયસના પીએમ પ્રવીન્દ જુગનાથના રોડ-શોની સુરક્ષામાં પોલીસ તંત્ર ખડેપગે

રાજકોટઃ આજે બપોરે ૪ વાગ્યે મોરેશીયસના વડાપ્રધાન પ્રવીનૂદ જુગનાથ શહેરમાં આવી પહોંચ્યા હતા. જયાં એરપોર્ટ ઉપરથી જ તેમનો ભવ્ય રોડ શો શરૂ થયો હતો. સવારથી જ પોલીસ તંત્ર દ્વારા સમગ્ર ૨ કિલોમીટરના રૂટ ઉપર ચાંપતો બંદોબસ્ત કરવામાં આવ્યો હતો. ઉચ્ચ અધિકારીઓ દ્વારા સ્થળ નિરીક્ષણ પણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત રૂટમાં ઉભા કરાયેલ મંડપ અને સ્વાગત સ્ટેજની પણ તપાસ કરવામાં આવી હતી. (તસવીરઃ દિલીપ ગોહેલ)

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

વડાપ્રધાન આજથી ત્રણ દિવસ વતનની યાત્રાએ

તૈયારીઓ કરવામાં આવી છે. અત્યંત આધુનિક બોમ્બ તૈયાર કરવામાં આવ્યો છે. જામનગર પાસે ગોરધનપર ગામમાં અઢીસો મિલિયન ડોલરનાં ખર્ચે વિશ્વ આરોગ્ય સંસ્થા યુનોની છત્રછાયા દ્વારા ઉભા કરાનારા પારંપરિક દવાઓનાં વૈશ્વિક રીસર્ચ સેન્ટરનું વડાપ્રધાનનાં હસ્તે ભૂમિપૂજન કરવામાં આવશે. આ પ્રસંગે મોરેશિયસનાં વડાપ્રધાન, ૧૯ દેશોનાં રાજદૂત અને નિષ્ણાંતો તેમજ બંને આયુષ મંત્રીઓ પણ ઉપસ્થિત રહેશે. બે હજાર આમંત્રિતોને સંબોધન કરીને વડાપ્રધાન મોદી રીસર્ચ સેન્ટરનું ખાતમુહૂર્ત કરશે. વડાપ્રધાન એરફોર્સ સ્ટેશનથી સર્કીટ હાઉસ સુધી કારમાં લોકોનું અભિવાદન ઝીલશે. એવું જાણવા મળ્યું છે કે, વડાપ્રધાન જામનગરનાં રાજવી સાથે પણ મુલાકાત કરનાર છે. તેઓ જામસાહેબ શત્રુશલ્યસિંહજીને મળવા માટે પાઈલોટ બંગલે જવાના છે એવા સંકેતો મળ્યા છે. સતાવાર કાર્યક્રમ હવે જાહેર થશે. જામનગરમાં વડાપ્રધાનની સુરક્ષા માટે લોખંડી બંદોબસ્ત કરવામાં આવ્યો છે. ઠેરઠેર પોલીસનો જામો ગોઠવાયો છે. ૭ એસપી, ૨૨ ડીવાયએસપી, ૬૦ પીઆઈ સહિતનો મોટો પોલીસ કાફલો ગોઠવાયો છે. જામનગરનાં કલેકટર, એસપી અને મ્યુ.કમિશનર સહિતનાં અધિકારીઓએ કાર્યક્રમ સ્થળની પણ મુલાકાત લીધી હતી. જામનગરથી ૯ કિ.મી. દૂર વિશ્વકક્ષાનું રીસર્ચ સેન્ટર બનનાર છે. તેનું ભૂમિપૂજન વડાપ્રધાનનાં હસ્તે થવાનું હોવાથી જબ્બર સુરક્ષા ગોઠવવામાં આવી છે. ભૂમિપૂજનમાં છત્રછાયા નાં ડાયરેક્ટર જનરલ ડો.ટેડ્રોસ પણ હાજરી આપનાર છે. કાર્યક્રમને સફળ બનાવવા તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ કરવામાં આવી છે. શહેર ભાજપ દ્વારા વડાપ્રધાનનું સ્વાગત કરવા અભૂતપૂર્વ આયોજન કરવામાં આવ્યું છે. મહાકાળી સર્કલથી સમર્પણ સર્કલ સુધી રસ્તાની બંને તરફ હજારો ભાજપીય કાર્યકરો ઉભા રહીને ભવ્ય અભિવાદન કરશે. તેમ શહેર ભાજપ પ્રમુખ ડો.વિમલ કગથરાએ જણાવ્યું હતું. ગાંધીનગરમાં કંટ્રોલ અને કમાન્ડ સેન્ટર અંગે શિક્ષણ વિભાગે જણાવ્યું હતું કે, ગુજરાતમાં શાળાકીય શિક્ષણમાં ૨.૪ લાખ શિક્ષકો અને ૧૦ હજાર સુપર વાઇઝર સ્ટાફ છે. તમામ કર્મચારીઓનાં અસરકારક મોનીટરીંગ અને સહાય તથા વિદ્યાર્થીઓનાં શિક્ષણનાં મોનીટરીંગ તથા સુધારા માટે દેશનું આવું આ પ્રથમ વિદ્યા સમીક્ષા કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે. બે અતિઆધુનિક મોનીટરીંગ રૂમમાંથી સમગ્ર રાજ્યનાં શિક્ષકો અને અધિકારીઓનું મોનીટરીંગ કરી લાઈવ ડેટા શેરીંગ કરાય છે અને માર્ગદર્શન અપાય છે. આ કેન્દ્ર દ્વારા છેલ્લા અઢી વર્ષમાં એકમ કસોટી, સત્રાંત અને વાર્ષિક પરીક્ષાઓ, વિદ્યાર્થીઓ અને શિક્ષકોની રીયલ ટાઈમ ઓનલાઈન હાજરીનાં એક કરોડથી વધુ વિદ્યાર્થીઓનાં ૫૦૦ કરોડથી વધુ ડેટા દર વર્ષે મેળવવાની કામગીરી કરવામાં આવે છે. આ સિસ્ટમને કારણે શિક્ષકો અને વિદ્યાર્થીઓની હાજરીમાં વધારો થયો છે. લર્નિંગ આઉટકમ આધારિત હોલીસ્ટીક રીપોર્ટકાર્ડ ૧૫ કરોડ વિદ્યાર્થીઓને આપવામાં આવ્યા છે. ટૂંકમાં રાજ્યભરની શિક્ષણ વ્યવસ્થા પર કમાન્ડ સેન્ટર નજર રાખે છે અને આધુનિક ઢબે માર્ગદર્શન પૂરું પાડે છે. યુનોએ પણ આ કમાન્ડ સેન્ટરની નોંધ લીધી છે.(૨.૧૨)

ગુજરાત સેપ્ટ યુનિવર્સિટીની વિદ્યાર્થીનીને આલિયાબેટ પ્રોજેક્ટ માટે આંતરરાષ્ટ્રીય એવોર્ડ

વાસ્તુકલા પ્રોજેક્ટ ચિત્રિત કર્યો હતો. એ આલિયાબેટ પ્રોજેક્ટ બદલ એશિયા વિભાગનાં એવોર્ડ માટે તેની પસંદગી કરવામાં આવી હતી.

વાસ્તુકલામાં નવી પ્રતિભાઓને પ્રોત્સાહન આપવા માટે યુરોપીય સંઘ દ્વારા યુરોપ અને એશિયા વિભાગમાં એવોર્ડ એનાયત કરવામાં આવે છે. આ અંગેનાં એક ખાસ પ્રદર્શનનું યુનિવર્સિટીની લીલાવતી લાલભાઈ લાઈબ્રેરીમાં ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આવા જ પ્રદર્શન અગાઉ યુરોપનાં વેનીશ, પ્રાગ અને ચીનનાં સાંઘાઈમાં યોજાયા છે. કાઠા વિસ્તારમાં કુદરતી સૌંદર્યને જાળવી રાખી વિકાસ સાધવાની પ્રક્રિયા પોસ્ટલ મેનેજમેન્ટનું માપદંડ માનવામાં આવે છે. આવો જ આલિયાબેટ ટાપુ નર્મદાથી સૌરાષ્ટ્ર સુધીની ઇકો સિસ્ટમનું એક મહત્વનું અંગ છે. એક સમયે અહીં અસંખ્ય પ્રમાણમાં દરિયાઈ જીવોનું અસ્તિત્વ હતું અને છેક સાઈબીરીયાથી ૩૫૦ પ્રકારનાં પક્ષીઓ ઉડીને અહીં આવતા હતા. પરંતુ નર્મદા ડેમ બન્યો ત્યારથી અહીં પાણીનો પ્રવાહ ઓછો થઇ ગયો છે અને પુરતો વેગીલો પ્રવાહ નથી. એટલે આલિયાબેટ સંકોચાઈ ગયો છે. પરિણામે અહીંનાં જૈવિક વૈવિધ્યને પ્રતિકુળ અસર થઇ છે. દરિયાઈ પ્રજાતિઓ અલુપ્ત થઇ ગઈ છે. એટલે આ વિદ્યાર્થીનીએ આલિયાબેટને પુનઃ જીવીત કરવાનો વાસ્તુકલા પ્રોજેક્ટ રજૂ કર્યો છે. જેના થકી વેટલેન્ડ અને ગ્રાસલેન્ડનો વિકાસ કરી શકાય.(૨.૧૨)

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

જસદણની સ્કૂલવાનને આટકોટ પાસે ગમખ્વાર અકસ્માત, એક માસુમ વિદ્યાર્થીનીનું કરૂણ મોત

વ્યાસ અને ઈએમટી સુલય રાઠોડ તથા જસદણની ૧૦૮ નાં પાયલોટ દેવાતભાઈ અને ઈએમટી રાહુલ કુબાવતે બધાને તાત્કાલિક દવાખાને ખસેડ્યા હતા. આટકોટ પોલીસે હાઈ-વે પર ટ્રાફિક ક્લીયર કરાવ્યો હતો. આટકોટ રોડ પર ખારચીયાની ગોળાઈ વિસ્તાર એ લાંબા સમયથી અકસ્માત ઝોન બની છે. અહીં અવારનવાર નાના-મોટા અકસ્માતો સર્જાતા રહે છે. પરંતુ સ્થાનિકતંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. ગોળાઈ પાસે તાકીદનાં ધોરણે બમ્પ બનાવવા જોરદાર લોકમાંગણી થઇ રહી છે. વધુ વિગતોની રાહ જોવાઈ છે. પોલીસે ધોરણસરની કાર્યવાહી શરૂ કરી છે. ગૌરી અજયસિંઘનો પરિવાર યુપીથી અહીં આવીને વસ્યો છે. ગૌરીનાં શોકાતુર પિતા અજયસિંઘે જણાવ્યું હતું કે, મારી દીકરી સવારે સ્કૂલવાનમાં એકલવ્ય સ્કૂલ જઈ રહી હતી. ત્યારે સામેની કાર પુરા વેગ સાથે અથડાઈ હતી. અકસ્માતમાં આ સ્કૂલવેનનો ભુક્કો બોલી ગયો હતો. આ ઘટનાથી યુપીનાં પરિવાર પર જાણે વજઘાત થયો છે.(૨.૧૨)

આજે સાંજે મોરેશિયસના વડાપ્રધાન પ્રવીન્દ જુગનાથનો ભવ્ય રોડ–શો

આર.કે. યુનિવર્સિટી, જીનીયસ સ્કુલ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, ઈન્ડીયન મેડીકલ એસોસિએશન, પી.ડી.યુ. મેડિકલ કોલેજ, અર્જુનલાલ હિરાણી કોલેજ ભગિની સેવા ફાઉન્ડેશન, ધોળકિયા સ્કૂલ તથા તાલાળા ગીરની સંસ્થાના સભ્યો દ્વારા આમંત્રિતોનું ઉષ્માસભર અભિવાદન કરવામાં આવશે. રોડ શોના સમગ્ર કાર્યક્રમનું સંકલન જિલ્લા યુવા અધિકારી ધર્મરાજ સિંહ વાઘેલા દ્વારા કરવામાં આવી રહ્યું છે.

અમદાવાદ બાદ હવે દિલ્હીમાં આજથી ઓટો અને ટેક્સી ડ્રાઈવરોની હડતાલ

હડતાલમાં જોડાયા નથી. જ્યાં સુધી ઈંધણનાં ભાવ ન ઘટે ત્યાં સુધી વિરોધ ચાલુ રાખવાનું જાહેર કરાયું છે. હડતાલને કારણે મોટાભાગની રીક્ષાઓ અને ટેક્સીઓ દિલ્હીનાં માર્ગો પર જોવા નહીં મળે. પરિણામે હજારો દિલ્હીવાસીઓને ભારે પરેશાની સહન કરવી પડશે.(૨.૧૨)

આઝાદી નો અમૃત મહોત્સવ
ગુજરાત સરકાર
Digital India
Power To Empower
નેશનલ ડિજીટલ એજ્યુકેશન આર્કિટેક્ચર
(NDEAR) ફ્રેમવર્ક પર આધારિત
અત્યાધુનિક
ટેક્નોલોજી અને ડેટા-સંચાલિત કેન્દ્ર
વિદ્યા સમીક્ષા કેન્દ્ર
માં આપનું સ્વાગત છે
પ્રધાનમંત્રી
શ્રી નરેન્દ્રભાઈ મોદી
સ્થળઃ ગાંધીનગર, ગુજરાત
વિશેષ ઉપસ્થિતિ
ગુજરાતના મુખ્યમંત્રી
શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
૧૮ એપ્રિલ ૨૦૨૨, સોમવાર | સાંજે ૬:૦૦ વાગે
વિદ્યા સમીક્ષા કેન્દ્રના માધ્યમથી શાળાકીય શિક્ષણની કાયાપલટ
૧.૨ કરોડ વિદ્યાર્થીઓના લર્નિંગ આઉટકમ્સમાં સુધારો લાવવા
૫૫,૦૦૦ શાળાઓનું મોનિટરિંગ અને ૪ લાખ શિક્ષકોનું હેન્ડ-હોલ્ડિંગ
વિદ્યાર્થીઓનું નામાંકન, હાજરી, વાંચન, લેખન, ગણનની મૂળભૂત કુશળતા,
તેમજ સ્કુલ એક્રેડિટેશન જેવા મુખ્ય સૂચકાંકોનું મૂલ્યાંકન
આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને મશીન લર્નિંગ દ્વારા સંચાલિત ૧૦૦૦ કરોડથી
વધુ ડેટા પોઇન્ટ્સનું બિગ ડેટા એનાલિસિસ
રિયલ ટાઇમ ડેશ બોર્ડ્સ દ્વારા ડેટા આધારિત નિર્ણયો
દરેક વિદ્યાર્થીઓના ગ્રેડ અપ્રોપ્રિએટ લર્નિંગ આઉટકમ્સ હાંસલ કરવા
ભારતનું સૌપ્રથમ લર્નિંગ આઉટકમ્સ-બેઇઝ્ડ સ્ટુડન્ટ રિપોર્ટ કાર્ડ
શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર

ઢોર નિયંત્રણ ખરડો પરત ખેંચવા માંગ

વિધેયક તાત્કાલિક પાછું ખેંચી લેવા માલધારી સમાજ દ્વારા રાજકોટ કલેકટરને આવેદન પત્ર પાઠવ્યું

શહેરની બહાર માલધારી વસાહત અને ગાય રાખવાના વાડા બનાવવા, માલધારીનાં બાળકો માટે શાળા અને દવાખાના શરૂ કરવા ગુજરાત માલધારી મહાપંચાયતની રજૂઆત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૮

ગુજરાત માલધારી મહાપંચાયત આંદોલન સમિતિ દ્વારા આજે રાજકોટ કલેકટરને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી છે. આવેદનપત્રમાં જણાવ્યું છે કે, ગત તા. ૩૧/૩ ના રોજ વિધાનસભા સત્રમાં સરકાર દ્વારા રખડતા ઢોરને નિયંત્રણમાં લેવા તથા શહેરી વિસ્તારમાં પશુ રાખવા માટે ફરજીયાત લાયસન્સ લેવા અને પકડાયેલા પશુના માલિકને દંડ તથા સજાની જોગવાઈ સંદર્ભે બિલ પસાર કરવામાં આવ્યું છે. તો આ કાયદાકીય બિલનો સમગ્ર પશુપાલક વર્ગ અને માલધારી સમાજ ઉગ્ર વિરોધ વ્યકત કરે છે.

સામાજીક સમરસતા માટે પશુપાલક વર્ગ ખૂબ જ મહત્વનો ભાગ ભજવી રહ્યો છે. કોરોનાના કપરાકાળ દરમિયાન ખૂબ સેવાકીય પ્રવૃતિઓ અને સમાજની અતિ મહત્વની પ્રાથમિક જરૂરિયાત એવા દૂધ પાડવા માટે પોતાની જાતની પરવા કર્યા વગર ભાવ વધારો કર્યા વગર રાતદિન એક કરીને સમાજને દૂધ પહોંચાડયું છે.

ગુજરાત શ્વેત ક્રાંતીમાં જે કાંઈ હરણફાળ ભરી રહ્યું છે તેનો પાયાનો પથ્થર આ પશુપાલક અને માલધારી સમાજ જ છે સરકારએ ભૂલવું ના જોઈએ. આમ અમારી માંગણીઓ અંગે સરકારે યોગ્ય નિર્ણય કરે તેવી વિનંતી.

તાજેતરમાં વિધાનસભામાં સરકાર દ્વારા પશુ - માલધારી વિરોધી જે બિલ પસાર થયેલ છે તે તાત્કાલિક પરત ખેંચવું, રાજ્યની દરેક કોર્પોરેશન દ્વારા પકડાયેલ ઢોરોને મુકત કરવા ડબ્બાદંડ અને ખોરાકીના દરમાં ઘટાડો કરવો, રાજ્યમાં આવા પકડાયેલ પશુઓને છોડાવવા માટે ૯૦- અ મુજબ ભરવામાં આવતી પોલીસ ચાર્જશીટ રદ કરવી, અગાઉની માફક શહેરની બહાર માલધારી વસાહતો બનાવી તેમાં ગાયો રાખવાના વાડાઓ તેમજ પશુદવાખાનાં ખાણદાણની દુકાન, દૂધમંડળી તેમજ માલધારીઓના બાળકો માટેની સ્કૂલો, દવાખાનાઓ, જેવી જરૂરી સુવિધાઓ આપવામાં આવે, જે શહેરમાં દબાણ થયેલ ગૌચરો નામદાર કોર્ટના હુકમ મુજબ ખાલી કરાવી તેમાં આવી વસાહતો બનાવી માલધારી શહેર બહાર વસવાટ કરે તેવી વૈકલ્પિક વ્યવસ્થાઓ તૈયાર કરાવી, માલધારી સમાજ ખૂબ જ ભોળો સમાજ છે અમારે ભૌતિક સુખ સુવિધાઓ નથી જોઈતી પણ પશુપાલક વિરોધી કાયદો લાવી પશુપાલકોને પરેશાન કરવાની આ નીતિને અમો સહન કરવાના નથી, જો આગામી દિવસોમાં માલધારી સમાજને આ બિલ અથવા બીજા કોઈપણ કાયદા દ્વારા પશુપાલન વ્યવસાયમાં મુશ્કેલી કે અગવડતાઓ ઉભી થશે તો તેનું સરકારે પણ કદાચ અગામી વિધાનસભા ચૂંટણીમાં તેનું પરિણામ ભોગવવું પડશે. અમો આ બિલ પરત ખેંચવા અપીલ કરીએ છીએ તેમ જણાવ્યું છે.

મેસવાણ ગામે આમ આદમી પાર્ટી દ્વારા જન સંવાદ કાર્યક્રમ યોજાયો

(ગોવિંદ હડિયા દ્વારા)

કેશોદ, તા.૧૮

કેશોદના મેસવાણ ગામે આમ આદમી પાર્ટી દ્વારા જન સંવાદ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પ્રખર ખગોળશાસ્ત્રી પરેશભાઈ ગોસ્વામીએ પ્રાકૃતિક ખેતી વિષયક મહત્વની અનેક માહિતી આપી હતી અને પ્રવીણભાઈ રામે જનતા સાથે સંવાદ કર્યો હતો. જન સંવાદ કાર્યક્રમમાં કેશોદ કોંગ્રેસના મહામંત્રી ચંદુભાઈ ધોડાસરા તેમજ કોંગ્રેસના બીજા ૧૦૦ કાર્યકરોએ આમ આદમી પાર્ટીનો ખેસ ધારણ કર્યો હતો અને પાર્ટીની વિચારધારા સાથે જોડાયા હતા.

પોદાર સ્કૂલના શિક્ષક બન્યા માઈક્રોસોફટ ઈનોવેટીવ એજ્યુકેટર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૮

રાજકોટની પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલનાં કમ્પ્યુટર શિક્ષક રાજીવ વોરાએ સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (સી.બી.એસ.ઈ.) દ્વારા માઈક્રોસોફ્ટ એજ્યુકેશન અને માઈક્રોસોફ્ટના ગ્લોબલ ટ્રેનિંગ પાર્ટનર ટેક અવંત-ગાર્ડેના સહયોગથી આપવામાં આવેલ ટ્રેનિંગ સફળતાપૂર્વક પૂર્ણ કરી છે. આ સિદ્ધિ બદલ માઈક્રોસોફ્ટ દ્વારા તેમને માઈક્રોસોફ્ટ સર્ટિફાઇડ ઈનોવેટીવ એજ્યુકેટર તરીકે પ્રમાણિત કરી પ્રમાણપત્ર એનાયત કરવામાં આવેલ છે. સ્કૂલ પ્રિન્સિપાલ મોનિકા ચૌધરી તેમજ શાળા પરિવારે તેમને આ તકે શુભેચ્છા પાઠવી છે.

સુરતમાં કથીરિયા પરિવારનું સ્નેહમિલન સંપન્ન

૯૦૦૦ થી વધુ પરિવારજનોની હાજરી, ડો.વલ્લભભાઈ કથીરિયાની રકતતુલા કરાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૮

સુરત ખાતે સમસ્ત કથીરિયા પરિવાર દ્વારા સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કથીરિયા પરિવારના અંદાજે ૯૦૦૦થી વધુ સભ્યોએ હાજરી આપી હતી. આ પ્રસંગે યુવા ટીમ દ્વારા મહારક્તદાન શિબિરનું પણ આયોજન કરવામાં આવ્યું હતું અને આ મહારક્તદાન શિબિરમાં એકત્ર થયેલા રક્ત દ્વારા ૧૩૦ વાર રકતદાન કરનાર રક્તદાતા, પૂર્વ કેન્દ્રીયમંત્રી, રાષ્ટ્રીય કામધેનુ આયોગના પૂર્વ ચેરમેન, કથીરિયા પરિવારના ગૌરવ એવા ડો.વલ્લભભાઈ કથીરિયા અને સમાજ ગૌરવ અલ્પેશભાઈ કથીરિયાની રક્ત તુલા કરીને કથીરિયા પરિવારને રકતદાન અંગે જાગૃતિ અને પ્રેરણા આપવામાં આવી હતી.

નવસારીના સામાજીક કાર્યકર આગેવાન મધુભાઈ કથીરિયા, લોક સમર્પણ બેંક ઓફ સુરતના ચેરમેન હરીભાઈ કથીરિયા, કાળુભાઈ, સુરેશ, દેવશીભાઈ ભગત, અમદાવાદ કથીરિયા પરિવારના ગૌતમભાઈ, કનુભાઈ, શૈલેષભાઈ અને અશોકભાઈ કથીરિયા, સુરત કથીરિયા પરિવારના સ્થાપક વડા દિલીપભાઈ, શિક્ષણવિદ જયસુખભાઈ, ડો. જીજ્ઞેશભાઈ અને કથીરિયા પરિવારના વિવિધ ક્ષેત્રના ૧૫થી વધુ તબીબો, ખોડલધામ સુરતના પૂર્વ કન્વીનર ડો. કે. કે. કથીરિયા, ભરતભાઈ કથીરિયા અને એવોર્ડ વિજેતા મહાનુભાવો, વિવિધ ક્ષેત્રોમાં અગ્રેસર યુવાનો, મહિલાઓ ઉપસ્થિત રહ્યા હતા. સમાજ જીવનમાં યોગદાન બદલ વિશિષ્ટ સૌને વિશેષ શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

‘‘ઝરૂખો’’

જીવનમાં જે આગળ વધે છે તે કયારેક પડે પણ છે

આજનો માણસ ઘરેડ બંધ જીવવાનું પસંદ કરે છે. જેમ પહેલેથી જીવતો આવ્યો બસ તેવું જ તેને જીવવું છે પરંતુ સાહસ કરીને એક ડગલું આગળ વધવાની હિંમત કરતો નથી. કારણ કે તેને બીજાને નિષ્ફળ જતાં જોયા છે અને નિષ્ફળ માણસની ખરાબ દશા જોઈ છે. નિષ્ફળ માણસની થતી ટીકાઓ પણ જોઈ છે. સાંભળી છે એટલે જ તેને આ ટીકાને નિષ્ફળતાનો ડર લાગે છે. કેટલીક વ્યકિતઓ પોતાને કાયમ બીજાથી ચડિયાતી માનતી હોય છે અને બીજા લોકો જે આગળ વધી મોટા લોકો બની જાય છે એમના માટે ‘ભાગ્ય’ સિવાય બીજો કોઈ વિચાર તેમના મનમાં આવતો નથી. જેમ કે દિનાનાથ કરતાં હું ભણવામાં હોશિયાર કાયમ પહેલાને બીજા નંબરે રહે પણ ભાગ્યની વાત છે દિનાનાથ મુંબઈ ગયો અને આપણે દેશમાં રહ્યા દિનાનાથ કરોડપતિ છે પણ એ તો એના ભાગ્યની વાત છે. આવું બોલનાર ભાઈ હમણાં જ પંચાયતમાંથી રિટાયર થયા એ જયારે કલાર્ક તરીકે નોકરીમાં જોડાયા ત્યારે અગત્યની વ્યકિત બનીને બેઠા હતા અને દિનાનાથને ગામ છોડી મુંબઈ જવું પડયુ હવે એમને એમ થાય છે કે દિનાનાથના બદલે એ પણ મુંબઈ ગયા હોત તો કરોડપતિ હોત!

જાગૃતિ દવે મિશ્રા (બરોડા)

આમ એમના મનમાં એ વાત કયારેય બેસતી નથી કે માત્ર મુંબઈ જવાથી જ દિનાનાથ કરોડપતિ બની ગયા નથી અને ભણવામાં એ દિનાનાથ કરતા હોશિયાર હતા એટલે જીવનમાં પણ એ તેમની કરતા આગળ જ હોય એવું જીવનમાં બનતું નથી તટસ્થ રીતે વિચાર કરીએ તો માણસ પોતાનું મૂલ્યાંકન કરતો નથી દરેક બાબતમાં એ પોતાની જાતને બીજાથી ચડિયાની સમજે છે પણ પોતાની જાતને ચડિયાતી બનાવતો નથી એટલે જ હંમેશા તેને અફસોસ કરવો પડે છે. આવા માણસો કોલંબસ કરતાં પોતાની જાતને કયાંય ઉતરતી માનતા નથી. પ્રામાણિક પણે તેઓ એમ માને છે કે, પોતે વહાણ હંકારીને ગયા હોત તો પણ અમેરિકા ખંડ શોધી કાઢયો હોત! એમની વાત પણ ખોટી નથી અજાણી પરિસ્થિતિમાં માણસ જયારે પગ મૂકવાનું ટાળે છે ત્યાં સફરનું શું? સમુદ્રના તોફાનનું શું? એનાથી તો માણસ ડરે છે! અને તેના કારણે તે સફર કરવાનું માંડી વાળે છે.

માણસ સાહસ કરવાના બદલે કાયમ સલામતી શોધે છે અને આ સલામતી જ સાહસવૃતિને રોકી દે છે દબાવી દે છે. એક સાહસવૃતિ જ માણસને બીજા પ્રાણિઓથી અલગ બનાવે છે. હજારો વર્ષથી કુદરત તેને ફરજના પાડો તો પણ તેની જીવનરિતીમાં કોઈ ફેરફાર કરતું નથી. કાગડો ઉંચે માળો બાંધે છે અને તેતર જમીન ઉપર આ તો હજારો વર્ષોથી ચાલે છે. ખિસકોલી ઝાડ ઉપરને ઉંદર જમીનમાં દર બનાવીને રહે છે. કુદરત ફરજ ના પાડે ત્યાં સુધી તેમાં કોઈ ફેરફાર પ્રાણીઓ કરતાં નથી. પરંતુ માણસની વાત જુદી છે તે તો બરફમાં પણ રહે છે ને વિષુવવૃતના જંગલોમાં પણ રહે છે. પર્વતો પરને મેદાનમાં વૃક્ષો ઉપર પણ ઘર બનાવે છે કારણ કે માણસમાં સાહસ છે અને નવું કરવાની વૃતિ છે.

માણસ એવી હજારો લાખો વસ્તુઓ વિચારે છે આમ સાહસ કરી તે આજે ચંદ્રને મંગળ સુધી પહોંચ્યો છે. એટલે જ મિત્રો જયારે નિષ્ફળતા કે ટીકાથી ડરીને કામને ટાળવાનું મન થાય ત્યારે બચપણને યાદ કરો બાળક તરીકે પહેલાં ડગલા ભર્યા હશે ત્યારે પણ નિષ્ફળતા મળી હશે? પછડાટ પણ ખાધી હશે? પણ તેનાથી ગભરાઈને ચાલવાનું છોડી દીધું હોત તો આપણે ચાલતા કેવી રીતે શીખ્યા હોત? જે ચાલે છે તે કયારેક તો પડે જ છે પરંતુ તે પડી જવાની બીકમાં ચાલવાનું છોડતો નથી એટલે નિષ્ફળ થવાનો ડર લાગે ત્યારે આત્મશ્લાઘામાં જીવવાના બદલે સાહસ કરીને શકિતઓને કામે લગાડક્ષ જીવનમાં આગળ વધવું જોઈએ ખરૂને તમે પણ વિચારજો...

સૌને મારા જય શ્રીકૃષ્ણ

કેશોદ એરપોર્ટમાં ૨૧ વર્ષ બાદ પ્રથમ કોમર્શીયલ ફલાઈટે ઉડાન ભરી

(ગોવિંદ હડિયા દ્વારા)

કેશોદ, તા.૧૮

આશરે ૯૨ વર્ષ પહેલાં જૂનાગઢ નવાબે સ્થાપિત કરેલ કેશોદ એરપોર્ટમાં છેલ્લાં ૨૧ વર્ષથી કોમર્શીયલ વિમાની સેવા બંધ હતી. એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયા દ્વારા ૨૫ કરોડના ખર્ચે નવીનીકરણ કરી આધુનિક એરપોર્ટ બનાવેલ છે. જેનું ઉદઘાટન થયા બાદ ૭૨ સીટની ક્ષમતાવાળા પ્લેનનો પ્રથમ કેશોદ મુંબઈ ફલાઇટનો શુભારંભ થયો હતો. કેશોદ એરપોર્ટમાં કોમર્શીયલ વિમાની સેવા શરૂ થતાં મુસાફરોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યોછે વધુ પડતા મુંબઈના મુસાફરોએ પ્રથમ ફલાઈટની મુસાફરીનો લાભ લીધો હતો.

જીવદયાપ્રેમી મેહુલભાઈ સંઘાણીનું સન્માન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૮

ગોંડલ નાગરીક સહકારી બેન્કમાં કાર્ય કરતા જૈન જીવદયાપ્રેમી લાલબહાદુર સ્કૂલનાં પૂર્વ વિદ્યાર્થી મેહુલભાઈ સંઘાણીનું શાપર વેરાવળ ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશન દ્વારા મહારક્તદાન કેમ્પમાં સેવાઓ બદલ શાલ ઓઢાળી સન્માન કરવામાં આવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે મેહુલભાઈ અબોલ જીવોની સેવા માટે ખરાદીલથી કાર્ય કરી રહ્યા છે. ગોંડલ નાગરિક સહકારી બેન્ક શાપરની આજુ બાજુ નાં વિસ્તારોમાં ખીસકોલીઓને મકાઈના ડોડા, કબૂતરને ચણ, કબૂતર માટે પાણી પીવાના કુંડા વગેરે માટે પ્રયત્નશીલ રહે છે. કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ એનિમલ હેલ્પલાઈન, રાજકોટ મહાજનની પાંજરાપોળ, જીવદયા ગ્રુપ રાજકોટ, મકાઈ સેવા ગ્રુપ જેવી સંસ્થાઓમાં ખરા દીલથી કાર્ય કરી રહ્યા છે.

શાપર વેરાવળ ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશને રકતદાન કેમ્પમાં સેવાને બિરદાવી

કેશોદ તાલુકાના આઠ ગામના લોકોએ વિરોધ પ્રદર્શન કર્યુ

(ગોવિંદ હડિયા દ્વારા)

કેશોદ, તા.૧૮

કેશોદના કોયલાણા ગામેથી પસાર થતાં જેતપુર સોમનાથ નેશનલ હાઈ-વેનું નિર્માણ અંદાજે વર્ષ ૨૦૧૫ માં કરવામાં આવેલ છે. જેમાં સર્વિસ રોડ, ડીવાઈડર કે ઓવરબ્રિજ આપવા લેખિત મૌખિક રજૂઆતો કરેલ હતી તેમ છતાં કોઈ જાતનું નિરાકરણ કરેલ નથી. જેથી છેલ્લાં સાતેક વર્ષમાં પંદરથી વીસ લોકોના અકસ્માતમાં મૃત્યું પામ્યાં છે. જેથી આ બાબતે ડે. કલેકટર અને મામલતદારને આવેદનપત્ર આપ્યું હતું અને પ્રતિક ઉપવાસનું અલ્ટીમેટમ આપ્યું હતું. જે અનુસંધાને આઠ ગામના સરપંચો સહિત અનેક લોકોએ પ્રતિક ઉપવાસ શરૂ કર્યા છે. જેના ત્રણ દિવસ થયા હોવા છતા તંત્ર દ્વારા નોંધ ન લેવામાં આવતા આઠ ગામના સરપંચો સહિતના લોકો કાળી પટ્ટી ધારણ કરી કાળા વાવટા સાથે અર્ધ નગ્ન હાલતમાં રોડ ઉપર ઉતરી આવી વિરોધ પ્રદર્શન સાથે સરકાર વિરૂધ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. આગામી દિવસોમાં માંગણી નહી સંતોષાય તો રસ્તા રોકો આંદોલન અને આત્મ વિલોપનની પણ ચીમકી ઉચ્ચારી છે.

વી.વી.પી. કોલેજની ચાર બ્રાંચને એક સાથે એન.બી.એ. એક્રેડીટેશન

એન.બી.એ. એક્રેડીટેશન મેળવનાર વી.વી.પી.સૌરાષ્ટ્ર કચ્છની સર્વપ્રથમ સેલ્ફ ફાઈનાન્સ ડીગ્રી ઈજનેરી કોલેજ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૮

સૌરાષ્ટ્ર-કચ્છના શિક્ષણ જગતના ઈતિહાસમાં એક સોનેરી પાનું ઉમેરાયું છે આ શબ્દો છે, રાજયસભાના પૂર્વસાંસદ અને વી.વી.પી. ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી લલિતભાઈ મહેતાના કે જે ઓ આજે વી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજની ચાર બ્રાંચ સિવિલ, ઈલેકટ્રીકલ, ઈલેકટ્રોનીકસ એન્ડ કોમ્યુનીકેશન (ઈ.સી.) અને કોમ્પ્યૂટર એન્જિનીયરીંગને આંતરરાષ્ટ્રીય માપદંડો સાથે સુસંગત એવા એન.બી.એ. ની મળેલી માન્યતાના શુભ અવસર પર પોતાની લાગણી વ્યકત કરી રહ્યા હતા.

વધુમાં તેઓએ જણાવ્યું હતું કે સૌરાષ્ટ્રની સર્વપ્રથમ સેલ્ફ ફાઈનાન્સ ઈજનેરી કોલેજ બનવાનું શ્રેય જેમ વી.વી.પી.ના ફાળે જાય છે, આઈ.એસ.ટી.ઈ. દ્વારા બેસ્ટ એન્જીનીયરીંગ કોલેજ નું બહુમાન વીવીપી કોલેજને મળેલું છે તેજ રીતે હવે એક સાથે ચાર પ્રોગ્રામમાં એન.બી.એ. એક્રેડીટેશન મેળવનાર સૌરાષ્ટ્ર-કચ્છની સર્વપ્રથમ સેલ્ફ ફાઈનાન્સ એન્જીનીયરીંગ કોલેજનું શ્રેય પણ હવે વી.વી.પી.ના ફાળે જાય છે.

સૌરાષ્ટ્ર-કચ્છનાં વિધાર્થીઓને ધોરણ ૧૨ પછી એન.બી.એ એક્રેડીટેડ એન્જિનીયરીંગ ઈન્સ્ટીટયુટમાં ભણવા માટે સૌરાષ્ટ્ર બહાર એક સાથે ચાર બ્રાંચને એન.બી.એ. મળવાની આ અદ્વિતીય સિધ્ધિ બદલ સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી લલિતભાઈ મહેતા, ટ્રસ્ટીઓ કૌશિકભાઈ શુકલ, ડો. સંજીવભાઈ ઓઝા, હર્ષલભાઈ મણીઆર, ડો. નરેન્દ્રભાઈ દવેએ સંસ્થાના પ્રિન્સીપાલ ડો. જયેશભાઈ દેશકર અને તેમની ટીમ એન.બી.એ. કોર્ડીનેટર, એન.બી.એ. કો-કોર્ડીનેટર તથા વિભાગના વડાઓ અને પ્રોગ્રામ કોર્ડીનેટરસ, કર્મચારીઓ, વિદ્યાર્થીઓ અને વાલીઓને શુભેચ્છાઓ પાઠવી છે.

વિરાણી બહેરા-મુંગા શાળા દ્વારા સેવાભાવી સ્વ.હસુભાઈ જોશીને શ્રધ્ધાંજલિ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૮

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વરિષ્ઠ અધિકારી, રાજકોટની વિરાણી બહેરા-મુંગા સ્કૂલ પૂર્વ માનદ મંત્રી, પડધરીની સરસ્વતી શિશુ મંદિર, બેટ દ્વારકા વિકાસ સમિતિ સહિતના અનેક સેવાભાવી ટ્રસ્ટના ટ્રસ્ટી, હસુભાઈ જોશીનું અવસાન થયેલ છે

આજરોજ બહેરા મૂંગા સ્કૂલના ટ્રસ્ટી રજનીભાઈ બાવીસી, માનદ મંત્રી નરેન્દ્રભાઈ દવે, પ્રવીણભાઈ ધોળકિયા, પ્રફુલભાઈ ગોહિલ, ચમનભાઇ સિંધવ, આચાર્ય કશ્યપભાઈ પંચોલી, પંકજભાઈ મુછાળા તેમજ સ્કૂલના બાળકોએ શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી.

ઘેલા સોમનાથ મહાદેવને હનુમાનજીનો શૃંગાર

(બ્રિજેશ વેગડા દ્વારા)

જસદણ પાસેના ઘેલા સોમનાથ મહાદેવ મંદિર ખાતે હનુમાન જયંતિના પાવન પર્વે શિવલિંગ પર બજરંગબલીનો અનુપમ શૃંગાર કરવામાં આવ્યો હતો. આ સાથે હનુમાન ચાલીસા અને સુંદરકાંડના પાઠ વચ્ચે ‘જય હનુમાન’ ના નાદથી ઘેલા સોમનાથ મંદિર ગુંજતું રહ્યું હતું.

રાજકોટ ક્રાઇમ બ્રાંચ ફીર એક બાર ચર્ચાના ચકડોળે : દારૂ છોડાવવા જતા સાયલામાં ફસાઇ ગઇ?

સાયલાથી રાજકોટ આવતા દારૂ ભરેલા ટ્રકને રાજકોટ ક્રાઇમ બ્રાંચના પીએસઆઇ સહિત ચાર જવાનો પાયલોટીંગ પુરૂ પાડતા હોવાની વાત વાયુ વેગે વહેતી થઇ

રાજકોટ ક્રાઇમ બ્રાન્ચની ટીમને પોલીસ મથકે લઇ જઇને બેસાડી દેવામાં આવી:સાયલા પોલીસ મથકે સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના અધિકારીઓ દોડી ગયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા. ૧૮

રાજકોટ પોલીસના કથીત તોડકાંડની ઘટના હજુ ભુલાઇ નથી ત્યાં રાજકોટની જ ક્રાઇમ બ્રાન્ચ ફરી વિવાદમાં સંપડાઇ જતા ખળભળાટ મચી જવા પામ્યો છે. ચર્ચાતી વિગતો પ્રમાણે ગત રાત્રે સાયલા નજીકથી ૮૦૦ પેટી દારૂ ભરેલો ટ્રક પકડાયો હતો. આટલી જંગી માત્રામાં દારૂ પકડાયા બાદ તેને છોડી દેવા માટે સ્થળ પર જ હાજર રાજકોટ ક્રાઇમ બ્રાન્ચની ટીમે દબાણ શરૂ કરી દીધુ હતું અને તે બાબત ડી.જી.વિજીલન્સ સુધી પહોંચતા તાત્કાલીક વિજીલન્સ કાફલો ત્રાટકયો હતો અને રાજકોટની ટીમને પોલીસ મથકે લઇ જઇને બેસાડી દેવામાં આવી છે. રાજકોટ ક્રાઇમ બ્રાન્ચના પીએસઆઇ સહિત ચારેક જવાનોને દારૂની ગોલમાલ કરતા પકડી પાડયા છે અને ગત રાતની સાયલા પોલીસ મથકમાં બેસાડી દેવામાં આવ્યા હોવાની વિગતો બહાર આવી છે. આ અંગે વિજીલન્સના અધિકારીઓ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરી દેવામાં આવ્યો છે. અને સાંજ સુધીમાં ફરિયાદ પણ નોંધાવાની તજવીજ હાથ ધરાશે તેવી ચર્ચાઓ ચાલી રહી છે. ચર્ચાતી વીગત પ્રમાણે સાયલાથી રાજકોટ તરફ જઇ રહેલા દારૂ ભરેલા ટ્રકને પોલીસે અધવચ્ચે અટકાવ્યો હતો અને તપાસ દરમ્યાન ટ્રકમાં ૮૦૦ પેટી દારૂ હોવાનું ખુલ્યુ હતું. રાજકોટ ક્રાઇમ બ્રાન્ચની પાયલોટીંગ વચ્ચે દારૂ ભરેલ ટ્રકને અટકાવવામાં આવતા રાજકોટની ટીમ સ્તબ્ધ થઇ ગઇ હતી અને તે છોડાવા પ્રયત્નો શરૂ થયા હતા. એવી ચર્ચા છે કે ડી.જી. વિજીલન્સ દ્વારા જ આ દારૂ ભરેલો ટ્રક પકડવામાં આવ્યો હતો તેના વિશે રાજકોટની પોલીસ અજાણ હોવાથી છોડવા દબાણ કરાવવા લાગી હતી અને તેમાં રાજકોટ પોલીસનો ભાંડો ફૂટી ગયો હતો. રાજકોટ ક્રાઇમ બ્રાન્ચની ટીમની ભૂમિકાને ધ્યાનમાં રાખીને પીએસઆઇ તથા ત્રણ જવાન સહિત ચારને પોલીસ મથકે બેસાડી દેવામાં આવ્યા છે. સાયલા પોલીસ મથકે પૂછપરછનો દૌર ચાલી રહ્યો છે. આ ઘટનાક્રમની જાણ થતા સુરેન્દ્રનગર જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓ પણ સાયલા પહોંચી ગયા હતા. આ સમગ્ર પ્રકરણથી રાજયભરના પોલીસ બેડામાં મોટો ખળભળાટ સર્જાવાનું સ્પષ્ટ છે. આ મામલે પોલીસ દ્વારા સત્તાવાર જાહેરાત કયારે અને કેવી કરવામાં આવે છે તેના પર મીટ માંડવામાં આવી રહી છે.

સમગ્ર પ્રકરણમાં હાલમાં રાજકોટ ક્રાઇમ બ્રાન્ચના પીએસઆઇ બી.જે.કડછા, ઉપરાંત પોલીસ ના દેવા ધરજીયા, કીપાલસિંહ, ઉપેન્દ્રસિંહના નામોની ચર્ચાઓ થઇ રહી છે. હકીકત શું છે તે આગામી દિવસોમાં ફરિયાદ નોંધાઇ જાય પછી જ બહાર આવે તેવી શક્યતાઓ સેવાઇ રહી છે.

સ્વ.લીલાબેન રૈયાણીની સ્મૃતિમાં મંત્રી અરવિંદ રૈયાણીના હસ્તે 'મેડિકલ સાધન સેવા કેન્દ્ર' નો પ્રારંભ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૧૮

શહેરના સામા કાંઠે આવેલ પુરૂષાર્થ યુવક મંડળ જે છેલ્લા ઘણા વર્ષોથી અનેકવિધ સામાજીક, સેવાકીય પ્રવૃતિઓ સાથે સંકળાયેલ છે અને વિવિધ સેવાકીય કાર્યોની સુહાસ ફેલાવી સેવા હી સંગઠનના મંત્રને સાકાર કરતું રહ્યું છે. ત્યારે સ્વ. લીલાબેન ગોરધનભાઈ રૈયાણીની સ્મૃતિમાં રાજયના મંત્રી અરવિંદભાઈ રૈયાણી વરદ હસ્તે મેડિકલ સાધન સેવા કેન્દ્ર પ્રારંભ કરવામાં આવેલ હતો. આ તકે મુખ્ય મહેમાનપદે મંત્રી અરવિંદભાઈ માંધાતાસિંહ જાડેજા, બ્રહ્માકુમારીના રેખાદીદીના વરદ હસ્તે દીપ પ્રાગટય કરી કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ તકે ઉપસ્થિત મહાનુભાવોએ પુરૂષાર્થ યુવક મંડળની અવિરત સેવાકીય પ્રવૃતિઓને બીરદાવી હતી.

આ તકે વધુમાં કિશોરભાઈ રાઠોડએ જણાવેલ કે પુરૂષાર્થ યુવક મંડળ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અનેકવિધ સેવાકીય પ્રવૃતિઓ કરવામાં આવી રહી છે જે અંતર્ગત સ્વ. લીલાબેન ગોરધનભાઈ રૈયાણીની સ્મૃતિમાં રાજયના મંત્રી અરવિંદભાઈ રૈયાણીના જન્મદિવસ નિમિતે તેમના આર્થિક સહયોગથી મેડિકલ સાધન સેવા કેન્દ્ર ગોકુલ કન્યા વિદ્યાલય, અનમોલ પાર્ક, જુના મહિકા રોડ, આજીડેમ ચોકડી ખાતે શુભારંભ કરવામાં આવેલ. આ મેડિકલ સાધન સેવા કેન્દ્રમાં જરૂરતમંદ લોકોને વોકીંગ સ્ટીક, બેડપાન, ગરમ પાણીની બેગ, બરફની બેગ, એરબેડ, ઓકિસજન બોટલ, ઓકિસજન કિટ વગેરે વિનામુલ્યે વાપરવા માટે આપવામાં આવશે. તો માંડા ડુંગર, મહીકા રોડ આસપાસના જરૂરીયાતમંદ લોકોને આ સેવાનો વિનામૂલ્યે લાભ લેવા અનુરોધ કરાયો હતો. આ તકે વિધાનસભા-૬૮ ના સર્વે હોદેદારો, કોર્પોરેટરો, સમાજ અગ્રણીઓ ઉપસ્થિત રહેલ. આ કાર્યક્રમનું સંચાલન નરેન્દ્રભાઈ ભાડલીયાએ, સ્વાગત પ્રવચન કિશોરભાઈ રાઠોડ અને અંતમાં આભારવિધિ હરેશભાઈ પરમારએ કરી હતી. અને આ મેડિકલ સાધનો મેળવવા માટે ગોકુલ વિદ્યાલય, અનમોલ પાર્ક, મહીકા રોડ, આજીડેમ ચોકડી પાસે વિરમભાઈ રબારી મો.નં. ૯૮૭૯૫ ૩૫૭૮૧ નો સંપર્ક કરવા કિશોરભાઈ રાઠોડની યાદીમાં જણાવાયું છે.

બેડીપરાની જુદી-જુદી શેરીઓમાં સિમેન્ટ કામનું ખાતમુહૂર્ત કરાયું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૧૮

વોર્ડ નં. ૪ માં આવેલ બેડીપરાની જુદીજુદી શેરીઓમાં સિમેન્ટ કામનું ખાતમુર્હુત અરવિંદભાઈ રૈયાણી અને મેયર ડો.પ્રદિપ ડવ, રાજકોટ શહેર ભાજપ મહામંત્રી કિશોરભાઈ રાઠોડના વરદ હસ્તે કરાયુ.

આ પ્રસંગે કોર્પોરેટર કંકુબેન ઉધરેજા, નયનાબેન પેઢડિયા, પરેશભાઈ પીપળીયા, કાળુભાઈ કુગશિયા, વોર્ડ નં. ૪ના પ્રમુખ સી.ટી.પટેલ, મહામંત્રી કાનાભાઈ ઉધરેજા, વોર્ડ પ્રભારી દિપકભાઈ પનારા તેમજ કાનાભાઈ ડોડેયા, રાજેશ્રીબેન, દિવ્યભાઈ રામાણી, હિતેષભાઈ મઠીયા, નિતીનભાઈ ડાભી, મોન્ટુભાઈ વિસરીયા, નરેશભાઈ ચૌહાણ, ભાવેશભાઈ ચાવડા, અજયભાઈ લોખિલ તેમજ સ્થાનિક આગેવાન રાજુ ભાઈ મકવાણા, મુન્નાભાઈ મકવાણા, ધીરૂભાઈ મકવાણા, લાલાભાઈ મકવાણા, ઘેલાભાઈ ધાબેલિયા, રીટાબેન પ્રફુલભાઈ રાઠોડ, હર્ષાબેન અગ્રાવત, બેનાબેન મકવાણા, રૂપાબેન ખીંટ, મધુબેન જયંતીભાઈ, કુંદનબેન ખીંટ, ઉષાબેન મહેતા, વર્ષાબેન વાળા, રીટાબેન વડેચા વગેરે ઉપસ્થિત રહેલ હતા.

૨ દરોડામાં લાખોનો ઇંગ્લીશ દારૂ ઝડપાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૧૮

એરપોર્ટ પોલીસ નાઇટ પેટ્રોલિંગ હતી દરમ્યાન ચોક્કસ બાતમીના આધારે રામપરા બેટી ગામના પુલ પાસે અમદાવાદ રાજકોટ હાઇ-વે ટ્રક ચાલક શૈદારામ જાલારામ દેવાશીની અટકાયત કરી તપાસ કરતા. ટ્રક માંથી કુલ બોટલ નંગ - ૧૯૮૦ અને ૧૦૮ નંગ બીયરના ટીન મળી કુલ રૂપિયા ૮.૫૪.૪૦૦ દારૂ તથા ટ્રક મળી કુલ ૧૪,૫૯,૪૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.જેમાં બીજો શખ્સ કલીનર જોગારામ ભાસ્તારામ દેવાસી નાસી ગયો હતો.

જયારે બીજા દરોડામાં અમદાવાદ રાજકોટ હાઇ-વે ઉપરથી પાયલોટીંગ કરતી મારૂતિ કંપનીની સિયાઝ કાર નંબર **GJ.04.CR.6012** અને ગ્રે કલરની મર્સિડીઝ બેન્ઝ કાર

GJ.05.CP.2233 પકડી દારૂનો જથ્થો કુલ બોટલ નંગ- ૨૬૯ કિ.રૂ.૫,૧૬,૧૫૦ કબ્જે કરી બે શખ્સો શૈલેન્દ્ર ઉર્ફે મુકેશ પુરખારામ ગોદાર અને રાકેશ કુમાર નંદરામ સાંરગને પકડી પડયા.જ્યારે ત્રીજા શખ્સ મહાવીર ભાગીરામ ભાટી ભાગી ગયો હતો. આ દરોડામાં કુલ દારૂના જથ્થા તેમજ બે લકઝુરીયસ કાર સાથે કુલ ૧૫,૫૦,૧૫૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાર્યવાહી હાથ ધરી છે.





આમ આદમી પાર્ટીની છાત્ર યુવા સંઘર્ષ સમિતિની સહી ઝુંબેશનો પડઘો

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સત્તા મંડળમાં ગુનેગારોને 'નો-એન્ટ્રી'

ભાજપ-કોંગ્રેસનાં સેનેટ સભ્યોએ સ્ટેચ્યુટ-૧૮૭નો અમલ મોકૂફ રાખવા અને ખાસ સેનેટ બોલાવવા કરેલી માંગણીને સરકારે ફગાવી દીધી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૮

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સત્તામંડળમાં ગુનેગારોને 'નો-એન્ટ્રી' માટે આમ આદમી પાર્ટીની છાત્ર યુવા સંઘર્ષ સમિતિએ કરેલી સહી ઝુંબેશનો પડઘો પડયો છે. કારણ કે, ભાજપ અને કોંગ્રેસનાં સેનેટ સભ્યોએ સ્ટેચ્યુ-૧૮૭નો અમલ મોકૂફ રાખવા અને ખાસ સેનેટ બોલાવવા કરેલી માંગણીને સરકારે ફગાવી દીધી છે.

આમ આદમી પાર્ટી વિદ્યાર્થી પાંખ છાત્ર યુવા સંઘર્ષ સમિતિ એ રાજભા ઝાલા ના માર્ગદર્શન હેઠળ તેમની ઉપસ્થિતિમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સ્ટેચ્યુટ ૧૮૭નો અમલ થાય તે માટે સહી અભિયાનનો પ્રારંભ કર્યો હતો, જેમાં ૧૬૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ સહી કરીને જે માંગણી હતી કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સ્ટેચ્યુ ૧૮૭નો અમલ થાય અને યુનિવર્સિટી સત્તામંડળમાં ગુન્હાહિત ઈતિહાસ ધરાવતા લોકો ન પ્રવેશે તેમાં ખૂબ મોટા પ્રમાણમાં સહી દ્વારા સમર્થન મળેલ હતું.

આ એકત્રિત સહી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે આપીને ઉગ્ર રજૂઆત કરવામાં આવેલ. આ બાબતે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ભાજપ અને કોંગ્રેસના અમુક સેનેટસભ્યોએ સહી દ્વારા ખાસ સેનેટ બોલાવીની સ્ટેચ્યુ ૧૮૭નો અમલ મોકૂફ રાખવાની માંગ કરી હતી, તેના અનુસંધાને કુલપતિ સાહેબે સરકાર પાસે ખાસ સેનેટ બોલાવવા માર્ગદર્શન માંગેલ, પરંતુ સરકાર દ્વારા સ્પષ્ટ જણાવી દીધું છે કે, સ્ટેચ્યુટ ૧૮૭ નો અમલ થશે જ અને તે અમલ અટકાવવા ખાસ સેનેટ બોલાવવાની માંગણી ગ્રાહ્ય રાખી નથી. તે જોતાં સેનેટસભ્યોની સહી ઝુંબેશ સામે વિદ્યાર્થીઓની સહી ઝુંબેશ અસરકર્તા રહી છે, તેમજ હજારો વિદ્યાર્થીઓની લાગણીનો પડઘો પડયો છે.

તેથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સતા મંડળ માં ગુન્હેગારોના પ્રવેશ પર પાબંધીની લડત લડનાર છાત્ર યુવા સંઘર્ષ સમિતિના સહી અભિયાન મા સહી દ્વારા સમર્થન આપનાર તમામ વિદ્યાર્થીઓનો રાજકોટ પ્રમુખ સુરજ જે. બગડાએ આભાર માનેલ છે. આ લડતમાં આપ શિક્ષણ પરિષદ પ્રમુખ દિગ્વિજયસિંહ વાઘેલા, પ્રણવ ગઢવી, કેયુર દેસાઈ, ચેતન ચાવડા, ઉત્સવ કોરાટ, હર્ષરાજ રાજપૂત, શિવ પટેલ, સ્વપનિલ ભિડોરા, માનવ ચાવડીયા, હર્ષ કાલરીયા, વિરાજ અજુડીયા, આદિત્ય જોષી, પ્રિયેશ ટાંક, યશ અઘેરા, ભાવેશ ચાવડા, કાર્તિક જાદવ, સંકેત ફડકીયા વગેરે કાર્યકર્તા દ્વારા આ લડત ને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

આજે રાજ્યભરમાં માલધારી સમાજનાં ધરણા, નવી ટીપી સ્કીમમાં જગ્યા આપવા માંગ

ઢોર નિયંત્રણ કાયદો મોકૂફ નહીં રદ કરવા સમાજનાં આગેવાનોની માંગણી

રાજકોટ, અમદાવાદ, વડોદરા, સુરત, ભાવનગર વગેરેમાં કલેકટર કચેરીઓની સામે ધરણા યોજાયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૮

ગુજરાત સરકારનાં ઢોર નિયંત્રણ કાયદાનાં વિરોધમાં અને કાયદો સમૂળગો રદ કરવાની માંગણીનાં ટેકામાં આજે રાજ્યભરમાં માલધારી સમાજ દ્વારા ધરણા આંદોલન કરવામાં આવી રહ્યું છે. હવે માલધારી સમાજે નવી ટીપી સ્કીમમાં માલધારીઓ માટે જગ્યા ફાળવવા માંગણી કરી છે.

માલધારી સમાજનાં નેતા રઘુ દેસાઈએ સરકારને અનુરોધ કર્યો છે કે, ઢોર નિયંત્રણ કાયદો મોકૂફ નહીં પણ રદ કરવો જોઈએ. અમે ઢોરની સાચવણી અંગે સરકાર સમક્ષ નવા સૂચનો રજુ કરનાર છીએ. માલધારી આગેવાનોએ નવી ટીપી સ્કીમમાં જગ્યા ફાળવવા માંગણી કરી છે.

આજે ફરીવાર માલધારી સમાજનાં આગેવાનો ગાંધીનગર મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સાથે મુલાકાત કરશે અને ઢોર નિયંત્રણ કાયદો રદ કરવા મુખ્યમંત્રીને અનુરોધ કરશે. સાથે- સાથે આ સમસ્યાનાં હલ માટે સમાજ તરફથી કેટલાક સૂચનો પણ કરવામાં આવશે. તેમ સમાજનાં આગેવાન રઘુ દેસાઈએ જણાવ્યું હતું.

આજે રાજકોટ સહિત રાજ્યભરમાં કલેકટર કચેરીઓની સામે માલધારી સમાજે ધરણા કર્યા હતા અને ભારે સુત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. પોલીસે સક્કડ સુરક્ષા બંદોબસ્ત જાળવ્યો હતો. કોઈ અનિચ્છનીય ઘટના બની નથી.(૨.૧૨)

રાજકોટ 'આપ'માં જોડાયેલા બન્ને કોર્પોરેટરને ગેરલાયક ઠરાવવા મ્યુ.કમિશનરને કોંગ્રેસની રજૂઆત

હોદ્દાની રૂએ મળતી તમામ સુવિધાઓ મળતી બંધ કરવા માંગણી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૮

રાજકોટ શહેર કોંગ્રેસ દ્વારા મ્યુ.કમિશનરને એક ખાસ પત્ર પાઠવી હોદ્દા પરથી રાજીનામું આપ્યા વિના આમ આદમી પાર્ટીમાં જોડાઇ ગયેલા અને કોંગ્રેસ છોડી ગયેલા રાજકોટના બન્ને કોર્પોરેટરોને ગેરલાયક ઠરાવવાની કાર્યવાહી કરવા માંગણી કરવામાં આવી છે. શહેર કોંગ્રેસ પ્રમુખ પ્રદિપ ત્રિવેદીએ મ્યુ.કમિશનરને રજૂઆત કરી છે કે, કોંગ્રેસે બન્ને કોર્પોરેટરને નોટીશ પાઠવી છે અને ગેરલાયક ઠરાવવાની કાર્યવાહી પક્ષ દ્વારા કરવામાં આવી રહી છે ત્યારે કોંગ્રેસના ચૂંટાયેલા કોર્પોરેટરના હોદ્દાની રૂએ મળતી તમામ સવલતો અને સુવિધાઓ બંધ કરવા અને બનેને ગેરલાયક જાહેર કરવા કોંગ્રેસની માંગણી છે.

મ્યુ. કમિશનરને કોંગ્રેસે રજૂઆત કરી છે કે, આ બન્ને કોર્પોરેટર વશરામ આલાભાઇ સાગઠીયા અને કોમલબેન હરેશભાઇ ભારાઇએ પ્રથમ એમના કોર્પોરેટર પદેથી લેખિત રાજીનામું આપ્યા બાદ જ તેઓ આમ આદમી પાર્ટીમાં જોડાઇ શકે. કારણ કે તેઓ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષના મેન્ડેડ પર ચૂંટાયેલા હોવા છતાં તેઓએ કાયદાકીય કાર્યવાહી કર્યા વિના આમ આદમી પાર્ટીમાં જોડાઇ ગયા છે. આથી મ્યુ. કમિશનર તેઓની સામે ભારતીય ચૂંટણી પંચના કાયદાની જોગવાઇઓ મુજબ કાર્યવાહી કરે તેવી વિનંતી છે. કોંગ્રેસ પક્ષે બન્નેને ગેરકાયદે ઠરાવવા માટેની કાયદાકીય કાર્યવાહી શરૂ કરી છે એ રીતે મ્યુ. કમિશનર પણ એમના હોદ્દાની રૂએ બન્ને કોર્પોરેટરને ગેરલાયક ઠરાવવાની કાર્યવાહી કરે. હાલ તેઓ કોર્પોરેટર તરકે ગેરલાયક જ ઠરે છે આથી કોંગ્રેસના કોર્પોરેટરની રૂએ એમને મળતી તમામ સવલતો, સુવિધાઓ બંધ કરવી જોઇએ એવું કાયદા નિષ્ણાતોનું કહેવાનું થાય છે. આ હકીકત ધ્યાનમાં લઇ વશરામ સાગઠીયા અને કોમલબેન ભારાઇને તાત્કાલીક કોર્પોરેટર પદેથી દૂર કરવા પત્રમાં વિનંતી કરવામાં આવી છે. પત્રમાં કોંગ્રેસે સુચવ્યું છે કે, પક્ષ કોઇપણ કાર્યવાહી કરશે તો તેની નકલ આપને કાર્યવાહી અને જાણ અર્થે મોકલાવીશું. જો બન્ને એવું કહેતા હોય કે, અમો ગેરલાયક ઠરતા નથી તો તેઓ સરકાર પાસેથી હુકમ લાવે. જ્યાં સુધી એમની લાયકાતનો સરકારમાંથી હુકમ ન લાવે ત્યાં સુધી તેઓની તમામ સવલતો-સુવિધાઓ બંધ કરવામાં આવે એવી શહેર કોંગ્રેસની માંગણી છે.

સૌરાષ્ટ્રમાં બુધ-ગુરૂવારે કમોસમી વરસાદ થવાની આગાહીઃ ખેડૂતોમાં ચિંતા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૮

આગામી ૨૦ અને ૨૧ના કેટલાક વિસ્તારોમાં વરસાદ પડી શકે છે. રાજ્યમાં કાળઝાળ ગરમી વચ્ચે હવામાન વિભાગ દ્વારા વરસાદી ઝાપટાની આગાહી કરવામા આવી છે. રાજ્યના કેટલાક વિસ્તારોમાં વાતાવરણમાં પવન સાથે મોટો પલટો આવી શકે છે.

આગામી બુધવારથી ગરમીનું પ્રમાણ વધી જશે, ૨૬ એપ્રિલ બાદ ગરમીનો પારો ૪૬ -૪૭ ડિગ્રી સુધી પહોંચશે વધારે ગરમીના કારણે વરસાદ પણ ભારે આવશે અને સાથે આંધી અને તોફાનો પણ લાવશે. ઉલ્લેખનિય છે કે બે દિવસ પહેલા હવામાનની ખાનગી સંસ્થા સ્કાયમેટની આગાહી મુજબ વર્ષ ૨૦૨૨નું ચોમાસુ સામાન્ય રહેવાની શકયતા છે.

એપ્રિલ મહિનાથી હવામાનમાં પલટો આવશે જે ૧૭ મે સુધી ચાલશે. પ્રિ મોનસૂન પ્રક્રિયા વહેલી શરૂ થશે, ચોમાસુ વહેલુ શરૂ થશે તેમજ આ વખતે ૨૫ મે થી ૮ જૂન વચ્ચે વરસાદ પણ સારો રહેશે.

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.